Grew up (ગ્રુઅપ) મોટી થાય.
She was to be married= તે પરણવાની હતી.
She was to leave her home=તે પોતાનું ઘર છોડવાની હતી.
Distant (ડિસ્ટંટ) દૂરના.
Cups (કપ્સ) પ્યાલા.
Dishes (ડીશિઝ) રકાબી.
Diamonds (ડાયમંડઝ) હીરા.
Pearls (પર્લ્ઝ) મોતી.
Silk (સીલ્ક) રેશમ.
Servantmaid (સર્વન્ટમેડ) [દાસી.
Travel (ટ્રાવેલ) મુસાફરી કરવાને.
Fairy (ફેરિ) પરિની.
Gift (ગિફ્ટ) ભેટ, બક્ષિસ.
Falada (ફાલડા) ફાલડા.
Almost (ઑાલમોસ્ટ) લગભગ.
Set off=નીકળી.
Journey (જર્ની) મુસાફરી
Leaf of gold=સોનાનું પતરૂં.
Strange (સ્ટ્રેન્જ) નવાઈ જેવું.
Charm (ચાર્મ)જાદુ, મંત્ર, તાવીજ.
Bosom (બુઝમ) છાતી.
Tears (ટીઅર્સ) આંસુ.
Bade (બૅડ) કરી.
Farewell (ફેરવેલ)છેલ્લી સલામ.
Mounted (માઉન્ટેડ) ચડી બેઠો.
Dusty (ડસ્ટિ) ધુળવાળો.
Trotted (ટ્રોટેડ) થનથન ચાલ્યાં; ખડદુક ચાલ્યાં.
Thirsty (થર્સ્ટી) તરસી.
Brook (બ્રુક) ઝરો.
Saucy (સૉસિ) તોછડી.
Sly (સ્લાઇ) લુચ્ચી.
A long way=ઘણે દૂર.
Rude (રૂડ) બેઅદબ.
To wait on you=તમારી હજુરમાં રહેવું; ખીજમતમાં રહેવું.
Got off=નીચે ઉતરી.
Knelt (નેલ્ટ) ઘુંટણીએ પડી.
Bent (બેન્ટ) નીચું નમાવ્યું.
Rudeness(રૂડનેસ)બેઅદબીપણું.
Alas (ઍલાસ) અફસોસ.
Fond (ફૉન્ડ) વહાલું.
Heavy (હેવી) ઉદાસ.
Comforted (કમ્ફરટેટ) શાંત પડ્યું; દીલાસો મળ્યો.

Lesson 39.

The goose-girl II.

પાઠ ૩૯ મો.

હંસ ચરાવનારી છોકરી=૨.

Running (રનિંગ) દોડતો.
Wicked (વિકેડ) દુષ્ટ.
Glee (ગ્લી) ખુશી.
Power (પાવર) સત્તા.
Finished (ફિનિશ્ડ) પુરૂં કર્યુ.
Pushed (પુશ્ડ) હડસેલો માર્યો.
Belongs (બીલૉંગ્ઝ) માલકીનું છે.
Meek (મીક) નમ્ર; ગરીબ.
Was forced=જરૂર પડી.
To agree (ઍગ્રી) કબુલ કરવાને.
Mistress (મીસ્ટ્રેસ) શેઠાણી.
Strip off (સ્ટ્રિપ ઑફ) ઉતારી નાંખવું.
Pretended (પ્રીટેન્ડેડ)ઢોંગ કર્યો.
To promise (પ્રૉમિસ) વચન આપવું.
Really (રીયલિ) ખરેખર.
Reached (રીચ્ડ) પહોંચ્યા.
False (ફૉલ્સ) ખોટી; દગાખોર.
Amidst (ઍમિડસ્ટ) વચ્ચે.
Trumpets(ટ્રમ્પેટસ) રણશિંગડાં.
To welcome (ટુ વેલકમ) આવકાર આપવાને.
Bride (બ્રાઇડ) કન્યા; વહુ.
Lifted (લિફ્ટેડ) ઉતારી.
Led (લેડ) લઇ ગયો.
Real (રીયલ) ખરી.
Wandered (વૅાન્ડર્ડ) રખડી.
Wondered (વન્ડર્ડ) આશ્ચર્ય પામી.

Lesson 40.

પાઠ ૪૦ મો.

The goose-girl III.

હંસ સાચવનારી છોકરી-૩.

Upper (અપર) ઉપલો.
Changed (ચેઇન્જ્ડ) બદલ્યો.
Robe (રોબ) ઝભો.
Meanwhile (મીનવ્હાઇલ) તે દરમ્યાન.
Sad (સૅડ) દીલગીર.
Shabby (શૅબિ) ફાટાતુટાં; ગંદા.
Pretending (પ્રીટેન્ડીંગ) ડોળ ઘાલતી.
Appeared (ઍપીઅર્ડ) દેખાવ દીધો.
Rough (રફ) મહેનત પડે એવું.
Conrad (કોનરૅડ) નામ છે.
Goose-herd (ગૂઝ હર્ડ) હંસ સાચવનાર.

Wild (વાઈલ્ડ) તોફાની.
Fierce (ફીયર્સ) ઝનુની.
Deed (ડીડ) કામ.
Bitterly(બિટરલિ)પોકેપોક મુકીને.
Nail up (નેલ અપ) ખીલો મારી જડી લેવું.
Meadow (મેડો) બીડ.
Let down(લેટ ડાઉન)છુટાં મૂક્યા.
Tresses (ટ્રેસિઝ) ગુંછળા.
Gleamed (ગ્લીમ્ડ) ચળકયાં.
Locks (લૉક્સ) ગુચ્છા.
Blow (બ્લો) વાવું.
Ye (યી) તમે.
Breezes (બ્રીઝીઝ) પવનની લહેર.
Comb (કોમ) હોલવું.
Flowing (ફ્લોઇંગ) લટકતા.
Pray (પ્રે) વિનંતી કરવી.
My hair is dressed=મારા વાળ હોળાઇ રહે.

Lesson 41.

પાઠ ૪૧ મો.

The goose-girl IV

હંસ સાચવનારી છોકરી-૪.

Sprang up (સ્પ્રેન્ગઅપ) નીકળી [આવી.
Blew (બ્લ્યુ) ઉરાડી.
Dale (ડેલ) ખીણુ.
Chasing(ચેઝિંગ) પછવાડે દોડતો.
Out of place=આડું અવળું.
Glum (ગ્લમ) ખિન્ન; ગમગીન.
Sulky (સલ્કી) ઉદાસ.
Wanted(વૉન્ટેડ)ની જરૂર હતી.
Helper(હેલ્પર)મદદકરનાર;સાથી.
Teases (ટીઝીઝ) પજવે છે.
Worth living=જીવવા લાયક.
She did up her hair again =તે પોતાના વાળ ઠીક ઠાક કરતી.
Bush (બુશ) ઝાડી
To steal (સ્ટીલ) ચોરી કરવી.

Lesson 42.

પાઠ ૪૨ મો.

The goose-girl V

હંસ સાચવનારી છોકરી-૫.

In order=ઠીકઠાક
By the time=તેટલા વખતમાં.
Meant (મેન્ટ) અર્થ હતો.
Dare (ડેર) હીંમત ધરવા.
Nonsense (નૉનસેન્સ) અર્થ વગરનું, મુર્ખાઇ ભરેલું, છટ.
Has ridden=ઘોડાપર સ્વારી કરી છે.
Tend (ટેન્ડ) સંભાળ લેવી.
Plight (પ્લાઇટ) હાલત.

Her heart would break= તે નિરાશ થશે.

Dried (ડ્રાઇડ) લુછી નાંખી.

Tripped (ટ્રિપ્ડ) ઉતરી.

Stairs (સ્ટેર્સ) દાદર.

Nobly (નોબ્લિ) ઉમદા રીતે.

Cheat (ચીટ) દગાખોર.

Ill treated (ઇલટ્રીટેડ) ખરાબ રીતે વર્તાયલી; સારી બરદાસ નહિ લીધેલી.

Feast (ફીસ્ટ) મિજબાની.

Wronged(રૉન્ગ્ડ)નુકસાન પામેલી

Had acted (એક્ટેડ) વર્તી હતી.

Wicked (ૐવિકેડ) વર્તી હતી.

Should be locked up (લૉક્ડ અપ) કેદ કરવી જોઇએ.

For life=જીવે ત્યાં સુધી.

Dark (ડાર્ક) અંધારાવાળા.

Prison (પ્રિઝન) કેદખાનું.

Judged (જજ્ડ) ન્યાય કર્યો છે.

Case (કેસ) કજીઓ; મુકદમો.

Punishment (પનિશમેંટ)શિક્ષા.

Cheated (ચીટેડ) ઠગ્યું હતું.

Happily (હૅપિ) સુખમાં.

Brought back to life again=સજીવન કર્યો.

૧. સુકા ઘાસનું ગાડું.

આ ચિત્રમાં આપણે બે ઘોડાથી ખેંચાતું એક ગાડું જોઇએ છીએ. તે ગાડું સુકા ઘાસથી ભરેલું છે. સુકું ઘાસ શું છે તે કદાચ તમે જાણુતા નહિ હો. હિંદુસ્તાનમાં ઘાસ કાપનારા દરરોજ સહવારે બહાર જાય છે અને ઘોડાને માટે ઘાસ કાપે છે. આ પ્રમાણે ઇંગ્લાં-ડમાં થતું નથી. જ્યારે ઘાસ ખેતરોમાં ઉંચું ઉગ્યું હોય છે ત્યારે માણસો તેને કાપી નાંખે છે, અને તેને તડકામાં સુકવવામાં આવે છે. ત્યારે તે સુકું ઘાસ થાય છે, અને તે ઘોડાને, ઢોરને ખવડાવવા માટે રાખવામાં આવે છે. કદાચ તમે પુછશો કે ઘાસ જ્યારે ખેતરમાં ઉગતું હોય છે ત્યારે ગાયો તે શા માટે ખાતી નથી. કેમકે ઇંગ્લાંડમાં સઘળા ખેતરોની આસપાસ વાડ હોય છે, તેથી કરીને જ્યારે ગાયોને એક ખેતરમાં હાંકી જવામાં આવે છે ત્યારે તે બીજામાં જઇ શકતી નથી. અલબત જે ખેતરમાં ઘાસ સુકું ઘાસ થવાને ઉગતું હોય છે તેમાં ગાયને હાંકી જવામાં આવતી નથી. ચિત્રમાં પહેલો માણસ ગાડામાં સુકું ઘાસ ભરવાને માટે પંઝેટી લઇ જાય છે અને સ્ત્રીઓ ગાડાની પછવાડે ચાલીને દાંતીથી જમીન ઉપર સુકા ઘાસને એકઠું કરવાને દાંતી લઇ જાય છે. એક બાળક પહેલા ઘોડાપર સ્વારી કરે છે, અને બીજાં છોકરાં સુકા ઘાસને મથાળે છે. આ છોકરાં સુકા ઘાસમાં રમે છે, જે ઘાસ નરમ હોય છે અને ઘણી મીઠી સુગંધ આપે છે. ઇંગ્રેજ છોકરાંને તેમાં રમવાનું ઘણું ગમે છે.

પાઠ બીજો. સુકા ઘાસમાં રમવું.

બીજા પાના ઉપરના ચિત્રમાં સુકા ઘાસમાં રમતાં ત્રણ છોકરાં છે. તેમાં બે છોકરી ને એક નાનો છોકરો છે. એક નાની છોકરીને ગુલાબી રંગનો પોશાક છે, અને બીજીને આશમાની રંગનો છે. નાના છોકરાને પીળા વાળ છે, અને છોકરીઓને બદામી રંગના છે. ને છોકરીઓમાંની એક બીજાં બે નાના છોકરાંને સુકા ઘાસથી ઢાંકી નાંખવા હમણાંજ

જાય છે. તે પોતાના માથા ઉપર તેનો એક મોટો ઢગલો ઉંચકી જાય છે. બીજાં છોકરાં ધારે છે કે સુકા ઘાસથી ઢંકાઈ જવામાં મોટી મઝા છે. અને તેઓ હસે છે અને તેને અટકાવવાને પોતાના હાથ બહાર કાઢે છે. તે પણ હસે છે. તરતજ બીજાં છોકરાઓ તેને સુકા ઘાસમાં ઢાંકી દેશે, છોકરાઓની પછવાડે તમે એક લાકડાંની વાડ જોશો. આ વાડની બીજી બાજુએ એક જંગલ છે, જેમાં ઝાડ ને ઝાડીઓ તમે જોશો. જ્યારે સુકું ઘાસ લઇ જવામાં આવશે ત્યારે ઢોર અથવા ઘેટાંને આ ખેતરમાં હાંકી મુકવામાં આવશે. વાડ તેને જંગલમાં જતાં અટકાવશે જંગલમાં ઝાડ અને ઝાડીઓ લીલાં પાંદડાંથી ઢંકાયલાં હોય છે. જમીન ઉપર ધોળાં ને રાતાં ફુલોથી ભરેલી ટોપલી છે, જે ફુલો છોકરાંઓએ વીણ્યાં છે. આ ચીજો આપણને કહે છે કે એ ઉનાળો છે ઈંગ્લાંડમાં શિયાળામાં ઝાડને પાંદડાં હોતાં નથી, અને છોકરાંઓને વીણવાને માટે ફુલ હોતાં નથી.

પાઠ ૩ જો નાની માછલી.

એકવાર એક માછીએ એક ઘણી નાની માછલી પકડી તેણે તેની તરફ જોવાને તેને ઉંચકી લીધી. અને જ્યારે તે તેના હાથમાં હતી ત્યારે માછલીએ કહ્યું, મહેરબાન સાહેબ, મને નદીમાં પાછી મુકવાને હું તમને અરજ કરૂં છું. હું હમણાં ઘણી નાની છું. થોડા મહિનામાં અથવા એક વરસમાં હું વધારે મોટી થઇશ. ત્યારે હું તમારે માટે એક સારૂં ભોજન થઇશ. પણ માછી ભુખ્યો હતો તેથી તેણે કહ્યું, ના, મેં તને પકડી છે અને હું તને ઘેર લઇ જઇશ. જો હું તને જવા દઉં તો તું વધારે મોટી થશે. પણ કદાચ હું તને ફરીથી પકડીશ નહિ. તે ગરીબ નાની માછલીને પોતાની ટોપલીમાં મુકીને તેને ઘેર લઇ ગયો; અને તેની સ્ત્રીએ તેની કઢી બનાવી, જે તેણે પોતાના ભોજન તરીકે થોડા બાફેલા ચોખા સાથે ખાધી.

કહેવત—ઓટીમાંનું હારે ને મુઠ્ઠીમાંનું જીતે.

પાઠ ૪ થો. ગાય અને વાછરડાં.

ગાય દુનિયાના દરેક દેશમાં ઘણું કરીને માલમ પડે છે આપણે જાણીએ છીએ કે હિંદુસ્તાનમાં ગાયની મોટી સંખ્યા હોય છે, અને કદાચ યુરોપમાં વધારે હોય છે. તે પાળેલાં પ્રાણી છે. લોકો તેને પાળે છે, કારણ કે તે દુધ આપે છે. દુધમાંથી માખણ, ઘી, દહી ને છાસ બને છે, આ ચિત્રમાંની ગાય અંગ્રેજી ગાય છે. તમે જોશો કે તે ઘણું કરીને હિંદુસ્તાનની ગાય કરતાં વધારે મોટી હોય છે, અને તેને ખુંધ હોતી નથી સવારમાં વહેલાં ગાય દોહવાય છે. આપણે દુધ દોહનારી છોકરીને એક માચીપર બેસીને એક એક લાકડાંની તામડીમાં ગાય દોહતી જોઇએ છીએ. પતરાંની બનાવેલી બીજી તામડી પાસે પડેલી છે. બંને દુધની તામડી છે. એક નાની છોકરી દુધ દોહનારી તરફ જોય છે. આ છોકરી આશા રાખે છે કે કદાચ દુધ દોહનારી મને થોડું દુધ આપશે. બીજી ગાય દુધ દોહવડાવવાની વાટ જોય છે દુધ છાછરા વાસણમાં મુકવામાં આવે છે જેથી કરીને મલાઇ ઉપર ચઢી શકે. જ્યારે તે ચઢી રહે છે ત્યારે તે કાઢી લેવામાં આવે છે, અને ત્યાર પછી તે દુધ મલાઇ ઉતારી લીધેલું દુધ કહેવામાં આવે છે. મલાઇનું માખણ બને છે. ઇંગ્લાંડમાં લોકો ઘી બનાવતા નથી. મલાઇ ઉતારેલાં દુધમાંથી થોડું વાછરડાને આપવામાં આવે છે, ને તેમાંથી થોડું છોકરાં પીએ છે. દુધ દોહનારી તામડી ઉંચી પકડી રાખે છે જેથી કરીને વાછરડાં તેમાંથી પી શકે. હું ધારૂં છું કે વાછરડાંને દુધ ગમે છે, અને નાની છોકરીઓને તેને તે પીતાં જોવાનું ગમે છે. એક દીવસ બે છોકરાં ખેતરમાં ફરવાને ગયાં તે ખેતરમાં ગાયો હતી, અને તેમાંની કેટલીક સફેદ ને તેમાંની કેટલીક કાળી હતી. નાના છોકરાએ પોતાની બહેનને કહ્યું;—"શા માટે કેટલીક ગાયો ધોળી ને કેટલીક કાળી છે?" તેણે જવાબ દીધો, તું તે જાણતો નથી? તું બેવકુફ છે? તેણે ફરીથી પુછ્યું, પણ તે જુદા જુદા રંગની શા માટે છે? તેની બહેને કહ્યું, વારૂ હું તને તે કહીશ. ધોળી ગાયો આપણને દુધ

આપે છે, શું તે નથી આપતી ? હા, અને કાળી ગાયો ? કાળી ગાયો આપણને કાફી આપે છે જેથી કરીને આપણને કાફી અને દુધ મળે છે. હું આશ્ચર્ય પામું છું કે શા માટે તે નાના છોકરાએ પોતાની બહેનને કહ્યું નહિ કે કયું પ્રાણી આપણી કાફીને માટે આપણને ખાંડ આપે છે ? જો ધોળી ગાયો દુધ આપે છે અને કાળી ગાયો કાફી આપે છે તો હું ધારૂં છું કે બદામી રંગની ગાયો ખાંડ આપે છે.

પાઠ ૫ મો. ચાર ઉખાણા—એક કાંટો.

હું જંગલમાં ગયો, અને તે લઇ આવ્યો હું નીચે બેઠો અને તેની તરફ જોયું, જેમ જેમ મેં તેની તરફ વધારે જોયું તેમ તેમ મને તે ઓછું ગમ્યું, અને હું તેને ઘેર લાવ્યો કારણકે મારાથી લાવ્યા વગર રહેવાયુ નહિ. આ દેશમાં દરેક સ્ત્રીને વીશ નખ હોય છે. દરેક હાથે પાંચ નખ હોય છે, અને હાથનાં ને પગનાં મળીને વીશ. આ બધું ઠગાઇ વગર સાચું છે.

એક ઈંડું.

રેશમ જેવી નરમ ચામડીને અસ્તર કીધેલી, દુધ જેવી સફેદ આરસપહાણની દીવાલમાં; સ્વચ્છ બિલોર જેવા ફુઆરામાં એક સોનેરી અંજીર દેખાય છે. આ કીલ્લાને બારણાં નથી તોપણ ચોરો જબરજસ્તીથી પેસે છે અને સોનું ચોરી જાય છે. જ્યારે V (પાંચ)ને હું I સાથે મળીએ છીએ ત્યારે હમે છ ની સંખ્યા પુરેપુરી બનાવીએ છીએ. જ્યારે I મારી સાથે V ફરીથી એક વાર મળે છે ત્યારે હમે બે જણા માત્ર ચારની સંખ્યા બનાવીએ છીએ. અને જ્યારે તે V I મારી પાસેથી જતો રહે છે ત્યારે અફસોસ, બિચારો હું માત્ર એકજ બનાવું છું.

પાઠ ૬ ઠ્ઠો. એક ઇંગ્રેજી ગામડું.

પહેલી ચોપડીમાં આપણને એક હિંદી ગામડાનું ચિત્ર હતું. હવે સંભાળથી એક અંગ્રેજી ગામડાંના આ ચિત્ર સામુ જુઓ. તેની

વચ્ચે તમે ઘણો ફેર જોશો. હિંદી ગામડામાં બે બળદથી ખેંચાયલું એક ગાડું હતું. અહિંઆ ચાર ઘોડાથી ખેંચાયલું એક છે. હિંદી ગામડામાં એક વડનું ઝાડ ને નાળીએરીનાં ઝાડ હતાં; આ ગામડામાં એલ્મનાં ઝાડો છે. બંને ગામડામાં ઘરોને પરાળનાં છાપરાં છે; પણ આ ગામડામાં જુઓ કે તે કેવાં સ્વચ્છ દેખાય છે. તેને બે માળ છે. હિંદી ગામડામાં તેને માત્ર એક માળ છે ઘરની પેલી તરફ ઉંચી ઇમારત દેવલ છે. તેને એક મિનારો ને અણિદાર શિખર છે. તે મિનારામાં ઘંટ ટાંગેલાં છે જે રવિવારે વગાડવામાં આવે છે. ઘરના આગલા ભાગમાં ગામડાની રમવાની જગ્યા છે; છોકરાં તેનાપર રમે છે. તેની વચ્ચોવચ એક ઉંચું ઝાડ છે અને આ ઝાડની આસપાસ એક બેઠક છે જેનાપર લોકો બેસે છે. કેટલાક છોકરા કનકવા ચગવે છે; જે દોરીઓ કનકવાને ઉડી જતાં અટકાવે છે તેને તમે જુઓ. આકાશમાં વળી એક સુંદર મેઘધનુષ છે. આ બતાવે છે કે હવા સારી થશે. પુલની બીજી બાજુએ ચાર ઘોડાથી ખેંચાયલું એક મોટું ગાડું ઉભું રહ્યું છે, કારણ કે સંખ્યાબંધ ઘેટાં પુલ ઉપર થઇને જાય છે. પુલની નીચે આપણે એક હોડી જોઇએ છીએ. નદીના કિનારાપર એક ઘોડો આ હોડીને દોરડાંથી ખેંચશે. એક માણસને દોરડું બાંધતાં તમે જોશો. બીજો માણસ ઘોડાને એક તોબરામાં થોડો દાણો આપે છે.

પાઠ ૭ મો. મરક્યુરી અને કઠીઆરો.

જ્યારે એક કઠીઆરો નદીના કિનારાપર એક વખત એક ઝાડ કાપતો હતો ત્યારે તેનો કુવાડો પાણીમાં પડી ગયો, અને તે તેણે ખોયો. જે ઓજારથી તે પોતાના ગુજરાનનું સાધન મેળવતો હતો તેના નુકસાનથી શોક કરતો હતો ત્યારે મરક્યુરી તેની આગળ આવ્યો. દેવે તે ગરીબ માણસને કહ્યું. શું થયું છે ? કઠીઆરાએ કહ્યું, મેં મારો કુવાડો નદીમાં પાડી નાંખ્યો છે. મરક્યુરી પાણીમાં કુદી પડયો અને પોતાના હાથમાં એક સોનાનો કુવાડો પકડીને તરતજ ફરીથી તેમાંથી બહાર

આવ્યો. તેણે પુછ્યું, તેં જે કુવાડો ખોયો હતો તે આ છે ? ના, મારો કુવાડો આના જેટલો સુંદર નહોતો. દેવ ફરીથી અદૃશ્ય થઇ ગયો અને આ વખતે એક રૂપાનો કુવાડો લઇ આવ્યો. તેણે કહ્યું ખચીત આ તારો કુવાડો હશે ? પણ કઠીઆરાએ કહ્યું, કે એ કુવાડો મારો નથી. બીજી વખત મર્ક્યુરી અદૃશ્ય થઇ ગયો ને એક લોઢાનો કુવાડો લઇને પાછો આવ્યો કઠીઆરાએ કહ્યું એ મારો કુવાડો છે. પણ મર્ક્યુરીએ તેને કહ્યું,–કેમકે તેં મને ઠગવાનો પ્રયત્ન કર્યો નથી, માટે તારો પોતાનો કુવાડો અને વળી બીજા બે જે મેં તને બતાવ્યા તે લઇ લે. તારા પ્રમાણિકપણા માટે ઇનામ તરીકે હું તને તે આપું છું. ચિત્ર તરફ સંભાળથી જુઓ હજારો હર્ષ પહેલાં ગ્રીસમાં જે લોકો રહેતા હતા તેના દેવોમાંનો તે મર્ક્યુરી એક દેવ હતો. તેનું ગ્રીક નામ હરમીઝ હતું. પણ તે ઘણીવાર મર્ક્યુરી કહેવાય છે જે નામ રોમન લોકોનું આપેલું છે. તે પાંખવાળી ટોપી પહેરે છે અને પાંખવાળો દંડ રાખે છે તેના દંડ ઉપરની પાંખો એવું બતાવે છે કે તે ઝડપી હતો અને સર્પ એવું બતાવે છે કે તે ઘણો હોશિયાર હતો.

પાઠ ૮ મો. શિકારી, વેપારી અને રીંછ.

કોઇ એક શિકારી જેને પૈસાની જરૂર હતી તે એક વેપારી પાસે આવ્યો અને પૂછ્યું. એક રીંછના ચામડાના કેટલા પૈસા તમે આપશો ને ઉમેર્યું કે તમે કદી નહિ જોયું હોય એવું ઘણા ખુબસુરત રીંછનું ચામડું છે. વેપારીએ પૈસાની સારી રકમ આપવાનું કહ્યું, પણ તે ચામડું પોતાને બતાવવાને તે શિકારીને પૂછ્યું. શિકારીએ કહ્યું, રીંછ હજી જંગલમાં જીવતું છે; પણ તેને આવતી કાલે મારવાનું વચન આપું છું, અને અમુક પરમ દિવસે તને તે ચામડું મળશે. વેપારી જેણે એક રીંછને મારી નાંખેલું કદી જોયું નહોતું તેણે તે શિકારી સાથે જવાનો ઠરાવ કર્યો. બીજે દિવસે તેઓ માત્ર જંગલમાં દાખલ થયા કે તરતજ તેઓએ એક મોટું રીંછ જોયું. ઝડપથી તેમની તરફ આવ્યું.

વેપારી ઘણુંજ બીધો અને તરતજ ઝાડ ઉપર ચઢી ગયો. શિકારી કંઇ ઓછો બીધો નહોતો તે જમીન ઉપર સુઈ ગયો ને મરી ગયલાં માણસ જેવો દેખાવાને તેણે પોતાનો શ્વાસ રૂંધી રાખ્યો, કારણકે એમ કહેવાય છે કે રીંછો મુએલા માણસને કદી અડકતા નથી. રીંછ તેની પાસે આવ્યું, તેને સુંઘ્યો, અને તેને ઉથલાવ્યો. તેને મુએલો ધાર્યો ને તેને છોડીને ચાલ્યો ગયો. જ્યારે રીંછ ચાલ્યું ગયું ને વધારે ધાસ્તી નહોતી ત્યારે વેપારી ઝાડ પરથી નીચે ઉતર્યો અને તે શિકારી પાસે આવ્યો. તેણે કહ્યું, હવે ઉઠ, રીંછ જતું રહ્યું છે અને આપણે સહીસલામત છીએ. પણ રીંછે તને શું કહ્યું તે મહેરબાની કરીને મને કહે, કારણકે તેણે તારા કાનમાં કહ્યું. શિકારીએ કહ્યું અરે! તેણે મારા કાનમાં કહ્યું કે જ્યાં સુધી તને રીંછનું ચામડું મળે નહિ ત્યાં સુધી તે કદી વેચતો ના.

પાઠ ૯મો. કરોળિયા ને માખીઓ.

આપણી પાસેનું ચિત્ર કરોળિયાને તેના જાળામાં વચલા ભાગમાં આપણને બતાવે છે. જાળું ઘણા પાતળા તાંતણાનું બનેલું હોય છે. તે એટલા પાતળા હોય છે કે જો તમે તેને અડકો તો તમને તે લાગે નહિ. કરોળિયો આ તાંતણો પોતાના શરીરમાંથી કાઢે છે. માખીઓ જાળામાં પકડાય છે, અને કરોળિયો તેને ખાય છે. કરોળિયાને પાંખ હોતી નથી, પણ તેને આઠ પગ હોય છે. તેને એટલી બધી આંખ હોય છે કે તે પોતાની પાછળની તેમજ આગળની ચીજો જોઇ શકે છે. માખીને બે પાંખ ને છ પગ હોય છે અને વળી સંખ્યાબંધ આંખ હોય છે. તેને માત્ર બે આંખ હોય છે. તેને માત્ર બે આંખ હોય એમ દેખાય છે પણ આમાંની દરેક આંખ ખરેખર સંખ્યાબંધ ઘણી નાની આંખોની બનેલી છે. કરોળિયા ને માખી જેવા પ્રાણીઓ જીવડાં કહેવાય છે. તે અને મોટા પ્રાણીઓ જેવાં કે બિલાડી અને કુતરાંઓની વચ્ચેના તફાવતમાંનો એક એ છે કે તેને હાડકાં હોતાં નથી.

ચળકતું જાળું.

એક ભુખ્યા કરોળિયાએ ઘણા બારીક તાંતણાનું એક જાળું. બનાવ્યું. તમારી નાની આંગળીઓને ભાગ્યેજ તે પાતળા નાના દોરા લાગી શકે. (બધા) ગોળ ચકકરમાં ને ગોળ ચકકરમાં તેણે તે કાઢયાં. જ્યાં સુધી તે જાળું પુરૂં થયું ત્યાં સુધી આરપાર સીધાં ને વાંકાં ફરીથી તેણે કાઢયા. અરે જ્યારે તે પુરૂં થયું ત્યારે કેવું સુંદર ચળકતું જાળું હતુ ? બધી નાની માખીઓ તેને તડકામાં લટકતું જોવાને આવી. ગોળ ચકકરમાં ને ગોળ ચકકરમાં તે જાળાની આરપાર નાચી ને પછી ફરીથી તેઓએ તરાપ મારીને જોયું. તે ભુખ્યો કરોળિયો બેઠો ને સુખી નાની માખીઓને તપાસીને જોયા કીધું; તેણે જોયું કે તેના માથાની આસપાસ તેને ઘણી આંખો છે. ગોળ ચકકરમાં ને ગોળ ચકકરમાં ને ગોળ ચકકરમાં તેઓ ગઈ; જાળાંની આરપર ને પાછી ફરીથી ફરીથી હવે ઉંચે ને હવે નીચે તેઓ ગઇ અરે તમે સુંદર નાની માખીઓ અંદર આવો ને મારી સાથે વાળું કરો તે ભુખ્યો કરોળિઓ કહે છે મને ખાતરી છે કે તમે મારૂં ઘર જોવાને ખુશી હશો. પણ ગોળ ચકકરમાં ને ગોળ ચકકરમાં ને એકવાર ફરીથી ગોળ ચકકરમાં જાળાંની આરપાર ને ફરીથી પાછી અગાઉની માફક તેઓ ઉડી કારણ કે બધી માખી એટલી બધી ડાહી હતી કે તે કરોળિયાની છેક પાસે ગઇ નહિ. તેઓએ પોતાની નાની પાંખો ફફડાવીને વધારે વિસ્તારવાળાં કુંડાળામાં ઉડી. ગોળ ચકકરમાં ને ગોળ ચકકરમાં ને ગોળ ચકકરમાં તે ગઇ. જાળાંની આરપાર ને પાછી ફરીથી અને પછી તે ઉડી જતી રહી.

પાઠ ૧૦ મો રેતીનું રણ.

રેતીનું રણ એક મોટું મેદાન છે, જ્યાં કાંઇ ઉગતું નથી. ઘણાં ખરાં રણો રેતીથી ઢંકાયલા હોય છે. તેમાં ઝાડ, ફુલ કે ઘાસ હોતુ નથી. ત્યાં નજર પહોંચી શકે એટલે દુર ગરમ સુકી રેતી શિવાય

કાંઈ હોતું નથી. અરબસ્તાન અને બીજા કેટલાંક ગરમ દેશમાં ઘણી ખરી જમીન રણ હોય છે. વરસાદ ભાગ્યેજ ત્યાં કદી પડે છે. આકાશમાં વાદળાં હોતાં નથી. સૂર્ય આખો દિવસ બાળી નાંખે એવી ગરમીથી પ્રકાશે છે. અરબસ્તાનના લોકો આરબ કહેવાય છે. ચિત્રમાં તમે તેમાંના કેટલાક જોશો. તેઓ સૂર્યની ગરમીથી રક્ષણ મેળવવાને લાંબા, ઢીલાં ધોળાં કપડાં પહેરે છે રેતીના સમુદ્રમાં ટાપુના જેવા આમતેમ છુટાં છવાયાં ખુશકારક લીલોતરીવાળાં સ્થળો હોય છે આ સ્થળોએ પાણી માલમ પડે છે, અને ત્યાં ઘણું કરીને ઘાસ અને છાયાંવાળાં ખજુરીનાં ઝાડો હોય છે. આવાં સ્થળને (ઓએસિસ) રણના ફળદ્રુપ સ્થળ કહે છે. જ્યાં જ્યાં પોતાના જનાવરને માટે તેઓને પાણી, ઘાસ અને મેવા ને છાંયડો આપવાને ખજુરીનાં ઝાડ મળે છે ત્યાં ત્યાં, કોઈ ભટકતાં આરબો પોતાના તંબુ ખચિત ઉભા કરશે. તેઓ ઘાસમાં રહેતા નથી. તેઓને વારંવાર પોતાના ઢોરનાં ટોળાં માટે ઘાસ શોધવાને રેતીવાળાં રણો ઓળંગવાં પડે છે; અને તેથી તેઓ તંબુમાં રહે છે, જે તંબુ સહેલાઈથી એક લીલોતરી વાળી જગ્યાએથી બીજી જગ્યાએ ખસેડી શકાય છે, ત્યાં મુસાફરી કરવાને રેલ્વે (આગગાડી) અને ગાડી માટે રસ્તા હોતા નથી. કોઈ વખત લોકો ઘોડા ઉપર પણ સ્વારી કરી શકતા નથી કારણ કે ઘોડા છુટી સુકી રેતીમાં ફસાઈ પડે છે; ત્યારે આરબો રણમાં કેવી રીતે મુસાફરી કરી શકે છે ? કદાચ તમે રણનાં વહાણ વિષે સાંભળ્યું હશે. આ એક નામ છે જે વારંવાર ઉંટને આપવામાં આવ્યું છે, કારણ કે તે માત્ર ઉંટ છે જેના પર બેસીને માણસો એક લીલોતરીવાળાં સ્થળથી બીજા સ્થળ સુધી રેતીનો મોટો દરીઓ ઓળંગી શકે છે. ઉંટના પગ પહોળા હોય છે અને તે છુટી રેતીમાં ફસાઈ પડતા નથી. તે લાંબા વખત સુધી પાણી વગર અને ઘણા થોડા ખોરાકથી મુસાફરી કરી શકે છે. ચિત્રમાં આપણે રણની પીળી રેતી અને ઘેરા આસમાની આકાશને જોઈએ છીએ. આરબની એક ટોળી હમણાંજ મુસાફરી પુરી કરી આવી પહોંચી છે. બકરાના બનાવેલા ચટાપટાવાળા

કપડાથી ઢંકાયલો એક તંબુ ઉભો કરવામાં આવ્યો છે. ટોળીમાંના કેટલાક પોતાના બોજો લાધેલા ઉંટપર આવે છે. બકરાં લાંબી મુસાફરીએથી આવ્યાં છે, અને એક બકરીનું બચ્ચું લંગડું છે. એક છોકરી તેને પોતાના હાથમાં ઉંચકી ચાલે છે. અને તેની મા તેની બાજુએ ચાલે છે. સૌથી નજીકના ઉંટની પીઠપર મોટા કોથળા જુઓ. ઉંટ ઘણો ભારે બોજો લઇ જઇ શકે છે; પણ એવી કહેવત છે કે છેલ્લું તણખલું ઉંટની પીઠ ભાંગી નાંખે છે. (ઘાણું કરે તે થોડાને માટે) અરબસ્તાન તુર્કસ્તાનના સુલતાનના રાજ્ય અમલ નીચે છે, પણ જેવી રીતે અંગ્રેજ સરકાર હિંદુસ્તાનમાં સલાહ સંપ રાખે છે, તેવી રીતે તે રાખી શકતા નથી. રણના આરબો વારંવાર એક બીજા સાથે લડે છે, અને જ્યાં જ્યાં તેઓ જાય છે, ત્યાં ત્યાં બંદુક અને ભાલા લઇ જાય છે. આ ચિત્રમાં દેખાશે.

પાઠ ૧૧ મો પંચાંગ.

શિક્ષક–આજે કઇ તારીખ છે? પહેલો છોકરો–ઓગણત્રીસમી. શિક્ષક–આ કયો મહીનો છે? બીજો છોકરો–એપ્રીલ. આજે ઓગણત્રીશમી એપ્રીલ છે. શિક્ષક–ગઇ કાલે કઇ તારીખ હતી? ત્રીજો છોકરો–ગઇ કાલે અઠ્ઠાવીશમી એપ્રીલ હતી. શિક્ષક–આવતી કાલે કઇ તારીખ થશે? ચોથો છોકરો–એપ્રીલની ત્રીશમી તારીખ થશે; મહિનાનો છેલ્લો દીવસ. શિક્ષક–પરમ દિવસે કઇ તારીખ થશે? પાંચમો છોકરો–આવતા મહીનાની પહેલી તારીખ થશે; એટલે પહેલી મે. શિક્ષક–આજે કયો વાર છે? છઠ્ઠો છોકરો–આજે સોમવાર છે. શિક્ષક–ગઇ કાલે કયો વાર હતો? સાતમો છોકરો–ગઇ કાલે રવીવાર હતો. ગયે પરમ દીવસે શનીવાર હતો. શિક્ષક–અઠવાડીઆના દીવસ આ પ્રમાણે છે–રવીવાર, સોમવાર, મંગળવાર, બુધવાર, ગુરૂવાર, શુક્રવાર અને શનીવાર. આમાંના કયા દીવસો રજાના દીવસ છે? આઠમો છોકરો–શનીવાર ને રવીવાર રજાના દીવસ છે.

શિક્ષક–અઠવાડીઆના દીવસો માટે એક અર્થ વગરની કવિતા અહિંઆ છે–સોલોમન ગ્રંડી સોમવારે જન્મ્યો હતો, મંગળવારે ખ્રિસ્તિ ધર્મમાં દાખલ કરવામાં આવ્યો, બુધવારે પરણ્યો. ગુરૂવારે માંદો પડયો. શુક્રવારે તબીઅત વધારે બગડી, શનીવારે મરી ગયો. રવીવારે દાટવામાં આવ્યો. આ સોલોમન ગ્રંડીનું છેવટ છે.

વરસના કેટલા મહીના થાય છે? નવમો છોકરો–વરસના બાર મહિના હોય છે. શિક્ષક–તેના નામ દો. દશમો છોકરો–જાન્યુઆરી, ફેબ્રુઆરી, માર્ચ, એપ્રીલ, મે, જુન, જુલાઇ, ઑગસ્ટ, સપ્ટેંબર, અકટોબર, નવેંબર, ડીસેંબર. શિક્ષક–એક મહિનાના કેટલા દિવસ થાય? અગિઆરમો છોકરો–બધા મહિનાના દિવસ એકસરખા હોતા નથી. કેટલાક મહિનાના ત્રીસ દીવસ હોય છે ને બીજાના એકત્રીસ હોય છે અને એક મહિનાના માત્ર અઠ્ઠાવીસ દીવસ છે. શિક્ષક–તમે બધા આ સાથે બોલો સપ્ટેંબર, એપ્રીલ, જુન અને નવેંબરના ત્રીશ દીવસ હોય છે, એકલા ફેબ્રુઆરી શિવાય બાકીના બધાના એકત્રીસ દીવસ હોય છે. ફેબ્રુઆરીમાં અઠ્ઠાવીસ દીવસ દેખાય છે અને દરેક લીપ વરસે એક દીવસ ઉમેરાય છે લીપઇઅર કેટલે વખતે આવે છે? બારમો છોકરો–ઘણું કરીને દરેક ચોથું વરસ લીપઇયર થાય છે. શિક્ષક–એક વરસનાં કેટલા દીવસ થાય? તેરમો છોકરો–ઘણું કરીને વરસના ત્રણસેં પાંસઠ દીવસ થાય છે. શિક્ષક–લીપઇયરના કેટલા દિવસ થાય છે? ચૌદમો છોકરો–લીપઇયરના ત્રણસેં છાસઠ દીવસ થાય છે. શિક્ષક–વરસનાં કેટલાં અઠવાડીઆં થાય છે. પંદરમો છોકરો–વરસનાં બાવન અઠવાડીઆં થાય છે.

પાઠ ૧૨ મો શિયાળ અને ઘેટી.

એક વખત કોઇએક શિયાળ એક ઘેટીને પકડવાની આશાથી તેની પછવાડે લાગ્યું. તે ઘેટી અડધા સુકાયલા તળાવમાં દોડી જ્યાં

તે કાદવમાં ચોંટી ગેઠી. તે શિયાળ વળી તેની પછવાડે લાગવાના પ્રયત્નમાં કાદવમાં ચોંટી ગયું. પછી શિયાળે કહ્યું—અરે કાકી, આ એક ખરાબ કામ છે. તેણે જવાબ આપ્યો, અરે ભત્રિજા, બેલાશક તે એટલું ખરાબ છે કે, જ્યારે મારો ધણી આવશે ત્યારે તે તરતજ તેટલું ખરાબ થશે. તેના ખભા ઉપર એક કાંટાવાળી લાકડી લાવશે તે તેની પછવાડે તેના બે કુતરા ડાબુ ને ભોલું આવશે તેની લાકડીથી એક ફટકો તને બે જગ્યાએ મારશે અને તેના કુતરા ગરદનેથી પકડીને તને બહાર ખેંચી કાઢશે. ત્યારે વહાલા ભત્રિજા તું જાણુશે કે આ કામ તે વખતે જેટલું ખરાબ થશે તેટલું ખરાબ હમણાં થશે નહિ. કહેવત-ખાડો ખોદે તે પડે.

પાઠ ૧૩ મો. સગપણ.

આ કોઠો જે રીતે તેમાં નામ લખેલાં લોકો એક બીજા સાથે સગપણ ધરાવે છે તે બતાવે છે. એક નામથી બીજા નામ સુધી ઉતરતી લીટી એવું બતાવે છે કે પહેલું નામ બાપ કે માનું છે અને બીજું નામ તેના કે તેની (સ્ત્રીના) છોકરાનું બતાવે છે. તેટલા માટે આપણે જોઇએ છીએ કે જરમનીની શહેનશાહ બાનુ ફ્રેડરીક ને સાતમા એડવર્ડ રાજા વિકટોરિઆ રાણીનો છોકરા અને છોકરી છે. જરમનીનો શહેનશાહ બીજો વિલિયમ શહેનશાહ બાનુ ફ્રેડરીકનો છોકરો થાય છે જે શહેનશાહ બાનુ જરમનીના ત્રીજા શહેનશાહ ફ્રેડરીકની સ્ત્રી હતી. એલેક્ઝેન્ડ્રા રાણી ડેન્માર્કની નવમા ક્રિસ્ચયન રાજાની છોકરી થાય છે. પાંચમા જ્યૉર્જ રાજાને ફાઇફની ડચેસ સાતમા એડવર્ડ રાજાનો છોકરા છોકરી થાય છે. પ્રિન્સ ઑફ વેલ્સ પાંચમા જ્યૉર્જ રાજાનો કુંવર થાય છે ને એલેકઝાંડ્રીયા શાહજાદી ફાઇફની ડચેસ કુંવરી થાય છે. જરમનીનો શહેનશાહ, પાંચમા જ્યૉર્જ રાજા ને ફાઇફની ડચેસ એ વિકટોરિયા રાણીનાં પૌત્ર પૌત્રી થાય છે, અને પ્રિન્સ ઑફ વેલ્સ ને શાહજાદી એલેકઝાંડા તેના પૌત્ર પૌત્રીનાં છોકરા છોકરી થાય છે. તે તેમની મોટી

દાદી થતી હતી. પ્રિન્સ ઑફ્ વેલ્સને શાહજાદી એલેકઝાંડ્રા તે સાતમા એડવર્ડ રાજા ને એલેકઝાંડ્રા રાણીનાં વળી પૌત્ર પૌત્રી થાય છે. પાંચમા જ્યોર્જ રાજાને ફાઇફ્ની ડચેસ એ બને સાતમા એડવર્ડનાં છોકરાં થાય છે. તેટલા માટે જ્યોર્જ રાજા તે ડચેસનો ભાઇ થાય છે અને ડચેસ રાજાની બેન થાય છે; તેઓ ભાઇબેન છે. જ્યોર્જ રાજા ને ફાઇફ્ની ડચેસ શહેનશાહ વિલિયમનાં મામાનાં છોકરાં થાય છે. જરમનીનો શહેનશાહ સાતમા એડવર્ડ રાજાનો ભાણેજ થાય છે; ને એડવર્ડ રાજા તેનો મામો હતો. ફાઇફ્ની ડચેસ શહેનશાહ બાનુ ફ્રેડરીકની ભત્રીજી થાય અને શહેનશાહ બાનુ તેની ફોઇ થતી હતી. એલેકઝાંડ્રા રાણી જરમનીના શહેનશાહની મામી થાય છે. તમે હવે કોઠામાં બતાવેલાં બીજાં સગપણ બતાવી શકશો. તમારા પોતાના દાદા, દાદી, બાપ, મા, કાકા, મામા, કાકી, મામી, ભાઇબેન ને પિત્રાઇઓનાં સગપણ બતાવવાને આના જેવો કોઠો કરવાનો તમે પ્રયત્ન કરો.

પાઠ ૧૪ મો ભૂમિતિનો પાઠ.

એક વખતે એક શિક્ષકે હાઇસ્કૂલના બીજા વર્ગમાં નીચેનો પાઠ આપ્યો. તેણે પહેલવહેલાં કાળાં પાટીઆ ઉપર એક ચોરસ દોર્યો, અને પછી કહ્યું, જે ચાર લીટી ચોરસ બતાવે છે તે ચોરસની બાજુઓ કહેવાય છે. આ બધી લીટીઓ સરખી છે. ચોરસની બધી બાજુઓ સરખી હોય છે. આ બાજુ પેલી બાજુના જેટલી મોટી છે? હા, સાહેબ, આ બે બાજુ સરખી છે. ચોરસને કેટલી બાજુ હોય છે અને કેટલા ખૂણા હોય છે. તેને ચાર બાજુ ને ચાર ખૂણા છે. ચોરસના ખૂણા કાટખૂણા કહેવાય છે. કાળા પાટિયાંની બાજુ કાટખૂણા બતાવે છે. કાળા પાટિયાંને કેટલા કાટખૂણા છે? સાહેબ, તેને ચાર ખૂણા છે. નિશાળના ઓરડામાંથી કેટલીક સીધી લીટીઓ મને બતાવો. ત્યારે છોકરાંઓએ પાટિયાંની જમીન અને દીવાલની વચ્ચેની લીટી, ચોપડીનાં પૂઠાં ને પાનાંની કોર અને બીજી ઘણી સીધી લીટી

બતાવી. પછી શિક્ષકે છોકરાને નિશાળના ઓરડામાં કેટલાક કાટખૂણા બતાવવાને પૂછ્યું. તેઓએ ઓરડાના ખૂણા, તેઓની ચોપડીના પાનાં અને પૂઠાંના ખૂણા અને બીજા કાટખૂણા બતાવ્યા. શિક્ષકે કહ્યું, હવે બે ઇંચિની લંબાઇની બાજુવાળો એક ચોરસ દોરો. હું ચાર ઇંચિ લંબાઇની બાજુવાળો ચોરસ કાળા પાટિયાં ઉપર દોરીશ. મારો ચોરસ તમારા કરતાં ચાર ઘણો મોટો છે. તમારો ચોરસ મારા કરતાં પા ભાગનો છે. હું મારો ચોરસ ચાકવતી સફેદ કરૂં છું, તમે તમારો તમારી સીસાપેનથી કાળો કરો. ચાર ઇંચિની બાજુવાળો એક ચોરસ હવે દોરો. તેના બે સરખા ભાગ કરે એવી તેમાં એક ઉભી લીટી દોરો. આ લીટીનું મધ્યબિંદુ શોધી કાઢો. આ મધ્ય બિંદુમાંથી એક આડી લીટી દોરો. હવે ચોરસના ચાર સરખા ચોરસવાળા ભાગ થયા છે અને દરેકની બાજુ બે ઇંચની છે. હું વધારે મોટા ચોરસના ડાબા હાથના મથાળાના ખૂણામાંના નાના ચોરસને સફેદ કરૂં છું. તમે તેજ ચોરસને કાળો કરો. હવે મારા ડાબા હાથના મથાળાવાળો ચોરસ સફેદ છે ને તમારો કાળો છે; ને મારા ડાબા હાથના છેડાનો ચોરસ કાળો છે, અને તમારો સફેદ છે. પછી શિક્ષકે કાળાં પાટિયાંપર ચાર ઇંચિની લંબાઇની બાજુવાળો બીજો ચોરસ દોર્યો, અને એક છોકરાને તેના ડાબા હાથના મથાળાના ખૂણામાંથી તેની નીચેના જમણા હાથના ખૂણા સુધી અને તેના મથાળાના જમણા હાથના ખૂણાથી તેના નીચેના ડાબા હાથના ખૂણા સુધી સીધી લીટી દોરવાને છોકરાને કહ્યું. છોકરાએ આ પ્રમાણે કર્યું: અને શિક્ષકે પછી સઘળા છોકરાંને કાળાં પાટિયાં ઉપરના એકના જેવી માત્ર તેના કદની ચોથા ભાગ જેટલી આકૃતિઓ દોરવાને કહ્યું. તેણે તેમને બતાવ્યું કે ત્રણ બાજુ અને ત્રણ ખૂણાવાળા દરેક ત્રિકોણ જેવા ચાર ત્રિકોણમાં વહેંચાયલો છે. મથાળાનાં ત્રિકોણથી શરૂ કરીને ૧, ૨, ૩, ૪ એવા આંકડા ત્રિકોણને આપ્યા અને છોકરાઓને પોતાની સીસાપેનથી બીજા અને ચોથા ત્રિકોણને કાળાં કરવાનું કહ્યું.

પાઠ ૧૫ મો. ગંદો છોકરો

એક નાનો છોકરો હતો, તેને વિષે કહેવામાં આવ્યું છે અને તેની હમેશની ફરજેતી સુધી કહેવામાં આવ્યું છે, કે તેને પોતાના તદ્દન સ્વચ્છ હાથપગ કદી જોવામાં આવ્યો નહોતો. અથવા તેનો ચહેરો કદી સ્વચ્છ નહોતો તેના મિત્રો એટલો બધો મેલ જોઇને ઘણા દુઃખી થતા હતા. અને વારંવાર તેઓ તેને તદ્દન સ્વચ્છ કરતા; પણ સઘળું ફોગટ જતું. તે પાછો ગંદો થતો અને કદી જોવા લાયક પણ નહોતો. તેઓને ફર્યાદ કરતાં સાંભળવામાં અથવા તેના પોતાનાં મેલાં કપડાં તપાસતાં જોવામાં તેને કાંઇ દુઃખ થતું નહિ. તેના સુસ્ત મગજને સ્વચ્છ ને આરોગ્યકારક પોશાકના કાંઇ ખુશાલી લાગતી નહોતી આ નાના છોકરા જેવા આળસુ ને ખરાબ છોકરા ખચ્ચીત ગંદી રીત પસંદ કરે, પણ સારા છોકરા કદાચ ઘણા ગરીબ હોય તો પણ શોભિતા ને સ્વચ્છ જણાય છે.

પાઠ ૧૬ મો. ઘણા મિત્રોવાળું સસલું.

એક વખત એક સસલું એટલું માયાળુ ને નમ્ર હતું કે ઘણા પ્રાણીઓ પોતાને તેના મિત્ર કહેતા હતા. તેઓએ તેમને કહ્યું, જ્યારે તું સંકટમાં આવી પડે ત્યારે હમારી પાસે આવજે અને હમે તને મદદ કરશું એક દીવસ શિકારીઓએ પોતાના કુતરને સસલાંનો શિકાર કરવાને મોકલ્યા જ્યારે તેને માલમ પડયું કે તે મારી પછવાડે ઘણા પાસે છે ત્યારે તેણે પોતાની જાતને કહ્યું, હવે મને ખાતરી છે કે મારા મિત્રમાંથી કોઇ મદદ કરશે. તે ઘોડા પાસે પહેલું દોડીને ગયું અને કહ્યું. તમે જુઓ છો કે હું ઘણા સંકટમાં આવી પડયો છું. મહેરબાની કરીને મને તમારી પીઠ ઉપર બેસાડો અને આ ઘાતકી કુતરાઓથી ઘણે આઘે મને લઇ જાઓ ઘોડાએ કહ્યું, તને મદદ કરવાને મને વખત નથી. મારે હમણા મારા શેઠને માટે કામ કરવું જોઇએ. મારા બીજા મિત્રોમાંથી કોઇને પુછ; મને ખાત્રી લાગે છે કે તે તને મદદ કરશે.

પછી તે સસલું પોતાના મિત્ર ગાય પાસે દોડી ગયું તેણે કહ્યું, તું જોય છે કે હું મોટા સંકટમાં છું. મહેરબાની કરીને તમારાં શિંગડાંવતી કુતરાને મારી મુકો. પણ ગાયે કહ્યું, મારે દૂધ દોહવડાવવાને જવું જોઇએ મને ખાત્રી છે કે બકરો તને મદદ કરશે. પછી સસલાએ પોતાની અને શિકારી કુતરાની વચ્ચે ઉભા રહેવાને બકરાને પુછયું; પણ બકરાએ કહ્યું, જો હું તારૂં રક્ષણ કરવાને પ્રયત્ન કરૂં તો કદાચ મારી તીક્ષ્ણ ખરીથી તારા ઉપર પગ મુકીશ અને ત્યારે તને મારાથી ઇજા થશે. આપણા મિત્ર ઘેટા પાસે તમારે જવું જોઇએ. તેથી સસલું ઘેટા પાસે ગયું અને કહ્યું, હું જે મોટા સંકટમાં છું તે તું જોય છે. તું મારૂં રક્ષણ નહિ કરે? પણ ઘેટાંએ જવાબ દીધો મારે કુતરાને ગુસ્સે કરવા ન જોઇએ કારણકે કોઇ કોઇ વખત કુતરા સસલા તેમજ ઘેટાંને મારી નાંખે છે. કુતરા હવે સસલાંની ઘણીજ નજદીક હતા, અને તેણે પોતાની જાતને કહ્યું, જ્યારે મારા મિત્રો મને મદદ નથી કરતા ત્યારે મારે પોતે મારૂં રક્ષણ કરવું જોઇએ. તેથી તે ઘણી ઝડપથી દોડી ગયું, અને તરતજ ભયમાંથી મુક્ત થયું. તેણે કહ્યું, અફસોસ, મેં ધાર્યું કે મારે ઘણા મિત્રો છે, પણ છેવટે મને માલમ પડે છે કે મારે કોઇ મિત્ર નથી. આપણે આપણી જાતને મદદ કરવાનો પ્રયત્ન કરવો જોઇએ ને આપણને મદદ કરવાને બીજા ઉપર ભરોસો રાખવો જોઇએ નહિ.

પાઠ ૧૭મો હોંશીઆર મજુર.

એક અમુક મજુરે એક ખેડુત સાથે એક પૈસાની રકમને માટે એક કુવો ખોદવાનું કબુલ કર્યું તેથી તેણે આખો દિવસ ખોદયું અને રાત્રે આશરે ચાર ફુટ ખોદયું. બીજે દહાડે સવારે જ્યારે તે કુવા પાસે ઘણો વહેલો આવ્યો ત્યારે તેને માલમ પડયું કે કુવાની એક બાજુ અંદર પડી ગઇ હતી અને જે ખાડો તેણે પાડયો હતો તે મટોડાથી અડધો પુરાઇ ગયો હતો. તેણે પોતાના મનમાં કહ્યું, આ એક

ખરાબ કામ છે; પણ થોડીવાર વિચાર કર્યા પછી તેણે કુવા પાસે પોતાની નરાજ અને પીછોડી મુકયાં અને ઘેર ગયો ને સુઇ ગયો થોડા વખત પછી ખેડુત બહાર આવ્યો ને કુવામાં મટોડું જોઇને અને તે મજુરની નરાજ ને પીછોડી તેને પાસે પડેલાં જોઇને તેણે વીચાર્યું મજુર મટોડીથી દટાઇ ગયો હશે, તેટલા માટે ખેડુતે પડોશીઓને બોલાવ્યા અને આવીને તે ગરીબ મજુરને ખોદીને બહાર કાઢવામાં મદદ કરવાને પૂછ્યુ. પડોશીઓ આવ્યા; અને જ્યારે તેઓએ લગભગ બધું મટોડું ખોદીને બહાર કાઢ્યું ત્યારે કુવા તરફ તે મજુરને આવતો જોઇને તેઓ આશ્ચર્ય પામ્યા. તેણે કહ્યું કુવામાંથી ખોદીને મટોડું બહાર કાઢવાની મહેરબાની માટે તમારો આભાર માનું છું. જ્યારે હું આજ સવારે અહીં આવ્યો. ત્યારે મને માલમ પડયું કે કુવાની એક બાજુ અંદર પડી ગઇ છે પણ મારૂં માથું ઘણું દુખતુ હતું તેથી હું ઘેર ગયો અને સુઇ ગયો હવે મારી તબીએત સારી થઇ છે અને મારી નરાજ ને લુગડાં માટે પાછો આવ્યો છું. કેટલાક પાડોશી તે મજુરની લુચ્ચાઇથી ગુસ્સે થયા, પણ બીજા તેની હોંશિયારી માટે હસ્યા.

પાઠ ૧૮ મો વિન્કેન બ્લિન્કેન અને નૉડ.

વિન્કેન બ્લિન્કેન અને નૉડે એક રાત્રે લાકડાના જોડામાં સફર કરી. ઓસન દરીઆમાં બિલોરી પ્રકાશવાળી નદી ઉપર તેઓએ હંકાર્યુ ઘરડા ચંદ્રે તેઓને પૂછ્યુ. તમે કયાં જાઓ છો ? અને તમારી શું મરજી છે ! વિન્કેન, બ્લિન્કેન અને નૉડે કહ્યું. હમે હેરીંગ માછલી જે આ ખુબસુરત દરીઆમાં રહે છે તેને પકડવા આવ્યા છીએ; હમારી પાસે સોના રૂપાની જાળ છે. જેવામાં તેઓ લાકડાના જોડામાં હીંચકા ખાતા હતા તેવામાં ઘરડો ચંદ્ર હસ્યો અને એક ગીત ગાયું, અને જે પવને તેમને આખી રાત ઝડપથી હંકાર્યા તેણે ઓસનના મોજાંને હલાવી મુકયાં. જે હેરીંગ માછલી તે સુંદર દરીઆમાં રહેતી હતી તે નાના તારા હતા. હવે મરજીમાં આવે ત્યાં તમારી જાળ નાંખો હમે કદી

બ્હીતા નથી. એ પ્રમાણે તારાએ ત્રણ માછીમાર વિન્કેન, બ્લિન્કેન અને નૉડને કહ્યું. આખી રાત તેઓએ પ્રકાશતા ફીણમાં તારા ઉપર પોતાની જાળ નાંખી પછી આકાશમાંથી માછીમારને લઇને ઘેર લાકડાનો જોડો નીચે આવ્યો. તે બધી એવી સુંદર સફર હતી કે જાણે તે ફરીથી થઈ શકે નહિ એમ દેખાયું, ને કેટલાક લોકોએ વિચાર્યું કે તે સુંદર દરીઆ ઉપર હંકારવાનું જે સ્વપ્નું તેને આવ્યું તે સ્વપ્નું હતું પણ હું તમને ત્રણ માછીમાર વિન્કેન, બ્લિન્કેન ને નૉડનાં નામ દઇશ. વિન્કેન, બ્લિન્કેન એ બે નાની આંખ છે ને નૉડ એ નાનું માથું છે. ને લાકડાનો જોડો જે આકાશમાં હંકારી ગયો તે નાનાં બાળકનું પારણું છે. તેથી જ્યારે આ જે અજાયબ જેવાં દેખાયો તે વિષે ગીત ગાય ત્યારે તમારી આંખ બંધ કરજો અને જ્યારે તમે ઓસવાળા દરીઆમાં જ્યાં વિન્કેન, બ્લિન્કેન ને નૉડ એ ત્રણ માછીમાર વેજુના જોડાએ હીંચકા ખવડાવ્યા, તેમાં તમે હીંચકા ખાઓ તો સુંદર ચીજો તમે જોશો.

પાઠ ૧૯ મો એક મોટો દડો.

ઘણા ખરા છોકરાઓ ને છોકરીઓ જાણે છે કે પૃથ્વી ચંદ્ર જેવી ગોળ છે. વારંવાર એમને એ પ્રમાણે કહેવામાં આવ્યું છે, પણ તેઓએ પોતે કદી જોયું નથી કે પૃથ્વી ગોળ છે. કદાચ તેઓ જમીન કે દરીઆ તરફ જોશે તો જ્યાં ટેકરીઓ છે તે સિવાય પૃથ્વી હંમેશા સપાટ દેખાય છે. મારી સાથે દરીઆ કીનારે આવો ને ત્યાં તમે જાતે જોશો કે પૃથ્વી ખરેખર ગોળ છે, સપાટ નથી. અહિંઆ આપણે કિનારા પર છીએ. આપણે એક ઉંચી ટેકરી પર ઉભા છીએ ને એક નીચે દરિઆ ઉપર હકારતા વહાણને હોડી સાથે જોઇએ છીએ. દરિઓ પાણીના સપાટ પટ જેવો દેખાય છે, તે જમીન ઉપરથી ઘણે દુર ને વાંકી વળેલી લીટીમાં આકાશને મળતો દેખાય છે. આ દૃષ્ટિ મર્યાદા કહેવાય છે. ચાલો હવે આપણે ટેકરીની નીચે જઇએ. આપણે ત્યાં અગાડી જોયું તે કરતાં ઓછું પાણી જોઇશું. દૃષ્ટિ મર્યાદા ઉપર ઘણે

દુર જે આગબોટ આપણે જોઇ તે હવે દેખાતી નથી. આનું કારણ એવું નથી કે આગબોટ જતી રહી છે. ટેકરીના મથાળા ઉપરના લોકો હજી સુધી તે જોઇ શકે છે. આપણે તે કેમ જોઇ શકતા નથી? કારણ કે દરિઆનો ભાગ હમણાં આપણી ને આગબોટ વચ્ચે આવેલો છે. આ આપણને દરિઆના આકાર વિષે કાંઇક કહે છે. શું તે નથી કહેતું? આપણને તે એવું કહે છે કે જેમ ગણાય છે તેમ દરિઓ સપાટ નથી પણ એક નીચી ટેકરીના જેવો ગોળ છે. તટલા માટે દ્રષ્ટિ મર્યાદાની પેલી તરફ આપણે પાણીને જોઈ શકતા નથી. આ પ્રમાણે આપણે જાતે જોઇશું કે દરિઓ સપાટ નથી પણ વાંકો છે. દરિઆના દરેક ભાગ ઉપર આ વાંક તેવોજ હોય એમ દેખાય છે. આ આપણને એવું બતાવે છે કે પૃથ્વી મોટો દડો હોવી જોઇએ.

પાઠ ૨૦મો: ઑડિશીયસ ને સાઇકલોપ્સ—૧.

એક વખતે ઑડિશીયસ નામનો એક ઘણો બહાદુર ને લુચ્ચો માણસ હતો. હોમર નામના ગ્રીસનાં આંધળા કવિએ આસરે ત્રણ હજાર વરસ પહેલાં ઑડિશીયસ વિષે એક લાંબુ કાવ્ય લખ્યું. આ કાવ્યમાં તે કહે છે કે ઑડિશીયસકેવી રીતે ભટકયો અને આખરે ઇથાકાના ટાપુમાં પોતાને ઘેર પાછો આવ્યો. તેની રખડપટીમાં તેણે ઘણાં પરાક્રમ કર્યાં હતાં; સાઇકલોપ્સ જે એક આંખવાળા રાક્ષસ હતા, તેના દેશમાં તેણે પરાક્રમ કર્યાં તે વિષે હમણા હું તમને કહેવાનો છું. આ ઘાતકી રાક્ષસો એક દુરના ટાપુમાં રહેતા હતા તેઓ ઝાડ જેટલાં લાંબા હતા ને દરેકને તેના કપાળની વચ્ચોવચ એક ગોળ આંખ હતી.

તેઓ ઘેટા ને બકરાં પાળતા જેને આખો દિવસ ખેતરમાં ચરાવતા ને રાત્રે ગુફામાં રાક્ષસો રહેતા હતા તેમાં પોતાને ઘેર હાંકી લાવતા એક રાત્રે ઑડિશીયસ અને તેના ખારવા પોતાના વહાણમાં એક આંખવાળા રાક્ષસોના દેશમાં આવી પહોંચ્યા. તેઓ તેના વહાણમાંથી બહાર આવ્યા, દરીઆ કિનારે સુતા અને સહવાર સુધી ઉંઘ્યાં.

બીજે દીવસે વહેલાં ઑડિશીયસ ને તેના બાર ખારવા વાઇન દારૂથી ભરેલી એક મમક ને ખોરાકની એક કોથળી પોતાની સાથે લઇને જ્યાં સુધી એક સાઇકલોપ્સની ગુફા પાસે આવી પહોચ્યા ત્યાં સુધી અંદરના ભાગમાં ગયા આ સાઇકલોપ્સ પોતાના ઘેટાંને ચરાવતો ઘેરથી દૂર હતો, તેથી ઑડિશીયસ અને તેના ખલાસી ગુફામાં ગયા, અને પનીરથી ભરેલાં કબાટ, મલાઇવાળા દૂધથી ભરેલાં વાસણો, મેંઢા ને બકરીના બચ્ચાંવાળી સંખ્યાબંધ કહોડ જોઇ. ખલાસીઓએ બકરીનાં બચ્ચાં ને મેંઢાંને એકદમ વહાણમાં હાંકી લઈ જવાને અરજ કરી તેણે તેનું સાંભળ્યું નહિ પણ કહ્યું કે સાઇકલોપ્સ પાછા આવશે ત્યાં સુધી હું ગુફામાં રાહ જોઇશ. સૂર્યાસ્ત વખતે રાક્ષસ જેનું નામ પોલીફીમસ હતું તે પોતાના ખભા ઉપર સંખ્યાબંધ સુકા લાકડાની ગાંડ જે તેણે મોટા અવાજથી નીચે નાંખી દીધી તે લઇને ઘેર આવ્યો. ઑડિશીયસ અને તેના ખારવા માત્ર એક આંખવાળા મોટા રાક્ષસને જોઇને અચંબો પામ્યા, અને તેઓ એટલા બધા બીધા કે તેઓ પોતે ગુફાના અંદરના ભાગમાં સંતાઇ ગયાં. એવી આશાથી કે આપણે દેખાઇએ નહિ. પોલીફીમસ પોતાના ઘેટાં અને બકરાંને ગુફામાં હાંકી લઇ ગયો અને એક મોટા પત્થર વતી બારણું બંધ કરી દીધું. પછી તેણે મેંઢા ને બકરાંને દોહ્યાં અને પોતાનો દેવતા સળગાવ્યો દેવતા એટલો ચકચકિત રીતે બળ્યો કે રાક્ષસે અજાણ્યા માણસોને જોયા તેણે પૂછયું તમે કોણ છો ? અને અહિં શું કરો છો ? ઑડિશીયસે કહ્યું કે હમે તોફાનથી ટાપુ ઉપર ઘસડાઇ આવ્યા છીએ. રાક્ષસે ઑડિશીયસને જવાબ આપ્યો નહિ પણ કુદીને આવ્યો. ખલાસીમાંના બેને પગેથી પકડયા ને તેનાં માથા જમીન ઉપર અફાળ્યા. પછી તેના કટકા કર્યા ને તેને ખાઇ ગયો. જે પછી પોતે જમીન ઉપર લાંબો થઇને પડયો ઉંઘી ગયો તમને ખાતરી થશે કે ઑડિશીયસ અને તેના માણસો ઘણા બીધા હતા તેઓ રડયા ને પોતાના દેવની પ્રાર્થના કરીને નાશી જવાના રસ્તા માટે તેઓએ આમતેમ જોયું; પણ તેમને એક પણ

જડ્યો નહિ. ઑડિશીયસ ઉંઘતા પૉલીફીમસને પોતાની તરવારથી મારવા જતો હતો એટલામાં તેને યાદ આવ્યું કે ગુફાના બારણામાંથી પથ્થર માત્ર રાક્ષસ ગબડાવી શકશે તેટલા માટે તેણે તે રાક્ષસને નહિ મારી નાંખવાનો ઠરાવ કર્યો.

પાઠ ૨૧ મો સમુદ્ર.

પૃથ્વી ઉપરની સઘળી જમીન ગોળાની આખી સપાટીનો આશરે ચોથો ભાગ છે જ્યારે સમુદ્ર ને મહાસાગરો લગભગ પોણો ભાગ પુરો કરે છે. જો તમે સંભાળથી છેલ્લા પાના ઉપરના નકશામાં જોશો તો આ સાચું છે એમ જોશો. તે નકશામાં ગોળાની એક બાજુ માત્ર તમે જુઓ છો તેની આખી સપાટીનો અડધો ભાગ છે. ગોળાના અડધા ભાગ ઉપર દુનીઆની લગભગ બધી જમીન છે. યુરોપ, એશિઆ, આફ્રિકા, ઉત્તર અમેરિકાના ખંડો અને દક્ષિણ અમેરિકાનો ભાગ, પણ આ સઘળી જમીન ગોળાર્ધની અડધી સપાટી કરતાં ઓછી જગ્યા માત્ર રોકે છે, અથવા આખી સપાટીના ચોથા ભાગ કરતાં ઓછી, ગોળાના બીજા અડધા ભાગમાં જે માત્ર જમીન છે તે દક્ષિણ અમેરિકાનો ભાગ, ઑસ્ટ્રેલીયા ને સંખ્યાબંધ ટાપુઓ છે. જેથી કરીને બીજા અડધા ગોળાનો આખો ભાગ લગભગ સમુદ્ર છે. તેટલા માટે આપણે જોઇએ છીએ કે, પૃથ્વીનો સપાટીનો આશરે પોણો ભાગ દરીઓ છે ને આશરે પા ભાગ જમીન છે. તમે કદી દરિયો જોયો છે ? જો તમે જોયો ન હોય તો તે કોના જેવો છે તેનું અનુમાન કરવાને તમારે પ્રયત્ન કરવો જોઇએ. કદાચ તમે મોટાં તળાવો, સરોવરો કે વિશાળ નદીઓ જોઈ હશે. પણ મોટામાં મોટાં તળાવો અથવા પહોળી નદીઓની પેલી તરફ તમે જમીન જોશો. જો તમે બંગાળાના ઉપસાગરના કિનારાપર ઉભા રહો ને પૂર્વમાં જુઓ તો તમે બીલકુલ જમીન જોશો નહિ, અથવા હિંદી મહાસાગરના કિનારા પર ઉભા રહો પશ્ચિમ તરફ જુઓ તો તમે બીલકુલ જમીન જોશો

નહિ. જો તમે એદન કે રંગુન જવા માટે મુંબાઇ કે મદ્રાસથી આગબોટમાં ઉપડો તો થોડાક કલાકમાં તમને જમીન બીલકુલ દેખાશે નહિ, અને તમે કેટલા દહાડા સુધી જમીન બીલકુલ જોશો નહિ. તેટલા માટે સમુદ્ર પાણીના કોઈ બીજા ભાગ કરતાં કદમાં જુદો છે. ઘણી પહોળી નદી કે તળાવની પેલી તરફ તમે જોઇ શકશો પણ તેજ વખતે દરીઆનો ઘણો નાનો ભાગ તમે માત્ર જોઈ શકશો. પણ દરીઓ બીજી રીતે પાણીના બીજા ભાગો કરતાં જુદો પડે છે. તે ખારો છે, તેનું પાણી માણુસ કે પ્રાણીથી પી શકાતું નથી. તેનું પાણી ઘણું કરીને હમેશાં હાલે છે તે હીલચાલને આપણે મોજાં કહીએ છીએ. પવન મોજાં ચઢાવે છે અને જેમ વધારે પવન તેમ મોજાં વધારે ચઢે છે. પવન નદી ને તળાવોમાં પણ મોજાં ઉત્પન્ન કરે છે પણ આપણે જેમ દરિઆમાં કોઇવાર જેટલાં મોટાં મોજાં હોય છે તેટલાં મોટાં મોજાં તેમાં આપણે કદી જોતા નથી. આનું કારણ એ છે કે તે ઘણોજ મોટો છે. ગર્જના કરતા અવાજથી દરિઆ કિનારા ઉપર મોજાં ભાગે છે. મદ્રાસમાં મોજાંની ગર્જના કોઇ કોઈ વખત રાત્રે બે ત્રણ માઇલ અંદરના ભાગમાં સંભળાય છે.

પાઠ ૨૨ મો. ઑડીશીયસ ને સાઇક્લોપ્સ. ૨.

આખી રાત મળસકાંની રાહ જોતા ગ્રીકો મોટી બીકમાં જાગતા પડી રહ્યા. જ્યારે સૂર્યનાં પહેલાં કિરણો ગુફામાં પ્રકાશ્યા ત્યારે પોલીફીમસ ઉઠ્યો, તેનો દેવતા સળગાવ્યો ને તેના બકરાં દોહ્યાં. પછી તેણે બે બીજા ખલાસીને પકડયા ને નાસ્તા તરીકે તેમને ખાઇ ગયો. નાસ્તો કર્યા પછી તેણે દરવાજા ઉપરનો પત્થર ખસેડયો ને ગુફાની બહાર તેના ઘેટાં ને બકરાંને હાંકી કાઢયાં પછી તેણે તે પત્થર તેની જગ્યાએ ગોઠવ્યો અને ઓડીશીયસને તેના માણસને હવે પછી બીજા કોણ ખવાશે તેની અજાયબીમાં રહેવા દઇને ટેકરી તરફ તેનાં ટોળાને હાંકી લઇ ગયો. જ્યારે પોલીફીમસ બહાર ગયો ત્યારે ઓડીશીયસ

નાશી જવાના રસ્તાનો વિચાર કરવાનો પ્રયત્ન કરતો હતો. આખરે તેણે એક ઘણી ચાલાક રીતનો વિચાર કર્યો અને તે શું હતું તે આપણે તરતજ જોઇશું. ઘેટાંની કહોડની બાજુએ તેણે રાક્ષસની મોટી લાકડાંની ડાંગ એક વહાણના ડોલ જેટલી મોટી જોઇ. આ મોટી ડાંગમાંથી ઑડીશીયસે એક લાકડાંની શૂળ કાપીને તેને ઘસીને અણીઆળી કરી. પછી તેણે તે અણી દેવતામાં કઠણુ કરીને તે શૂળ સંતાડી દીધી. સાંજે પૉલીફીમસ ઘેર આવ્યો ને જ્યારે તે બકરાંને દોહી રહ્યો અને તેને દેવતા સળગાવ્યો ત્યારે તેણે બે બીજા ખલાસીને પકડયા, મારી નાંખ્યા ને વાળુમાં ખાઇ ગયો. પછી ઑડીશીયસે જે દારૂ તે વહાણમાંથી લાવ્યો હતો તેમાંથી થોડો તેને આપ્યો અને તે રાક્ષસ તે પી ગયો ને વધારેને માટે માંગણી કરી. તેને દારૂ એટલો બધો પસંદ પડયો કે તેણે ઑડીશીયસને કહ્યું તારૂં નામ શું છે ? મારી મરજી તને ઇનામ આપવાની છે. ત્યારે ઑડીશીયસે કહ્યું મારૂં નામ "કોઇ નહિ" છે. રાક્ષસે કહ્યું ઠીક, 'કોઇ નહિ' આ ઇનામ તારૂં થશે કે હું તને સૌથી છેલ્લો ખાઇશ. પછી પૉલીફીમસ બાકીનો દારૂ પી ગયો, ને તરત પીધેલાના જેવી ઉંઘમાં પડયો ને જમીન ઉપર પોતાનો ચહેરો ઉપર રાખીને પડયો. અને જ્યારે ઉંઘ્યો ત્યારે ઑડીશીયસે તે શૂળનો અણીવાળો છેડો દેવતામાં ગરમ કર્યો. પછી જ્યારે બધું તૈયાર થયું ત્યારે તેણે અને તેના મિત્રોએ રાક્ષસની એક આંખમાં તે શૂળ ઘોંચી દીધી. રાક્ષસ જાગ્યો ને મોટી ગર્જનાથી શૂળ ખેંચી કાઢયું. પીડાથી ગર્જના કરતો ઑડીશીયસ અને તેના માણસોને પકડવાના પ્રયત્નમાં તે ગુફાની આસપાસ ધસ્યો. પણ હવે રાક્ષસ આંધળો થયો હતો તેથી સહેલાઇથી તેઓ તેના માર્ગથી દુર રહેવાને શકિતવાળા થયા. રાક્ષસ હજી સુધી વેદનાથી ગર્જના કરતો હતો ને તેના પાડોશીઓને જગાડયા. જે ગુફાની આસપાસ ભેગા થયા અને બુમ પાડીને કહ્યું તને કોણ મારે છે ? તેણે બુમ પાડી મને કોઇ મારતું નથી. તેઓએ કહ્યું તને કોઈ મારતું નથી તો તું શા માટે આવો મોટો શોરબકોર કરે છે. તેણે

વારંવાર બુમ પાડી મને કોઈ મારતું નથી. એ ગાંડો છે એમ ધારીને રાક્ષસોએ તેને છોડી દીધો ને પોતાને ઘેર જતા રહ્યા. ઑડીશિયસે તેને કેવી રીતે ઠગ્યા તે વિચારીને હસ્યો. પણ ઑડીશિયસ અને તેના મિત્રો હજી સુધી ભયમાંથી મુક્ત થયા નહોતા બીજે દહાડે સવારે પૉલીફીમસે પથ્થર ગબડાવી નાંખ્યો જો તેઓ ઘેટાં સાથે બહાર જવાનો પ્રયત્ન કરે તો તેમને પકડવા એવી આશાથી પોતાના હાથ લાંબા કરીને બારણામાં બેઠો.

પાઠ ૨૩ મો તીર અને તેનું ગીત.

મેં હવામાં એક તીર ફેંક્યું, તે જમીનપર પડ્યું, ક્યાં પડ્યું તે મેં જાણ્યું નહિ. કારણ કે તે એટલી ઝડપથી ઉડ્યું કે મારી નજર તેના ઉડવા તરફ જઇ શકી નહિ. મેં હવામાં એક ગીત ગાયું, તે જમીનપર પડ્યું પણ ક્યાં પડ્યું તે મેં જાણ્યું નહિ, કારણ કે કોને એવી તો આંખો તીક્ષ્ણ ને મજબુત નજર હોય કે જે ગીતના ઉડવાની પછવાડે જઇ શકે? ઘણા વખત પછી ઓકના ઝાડમાં હજી અખંડ તીર મેં જડ્યુ. અને પહેલેથી છેલ્લે સુધીનું ગીત મને ફરીથી એક મિત્રના અંતઃકરણમાં મળી આવ્યું.

પાઠ ૨૪ મો હોડી ને વહાણ.

ક્યા માણસોએ પહેલાં હોડી બનાવી અથવા કેવી રીતે તે બનાવી તે કોઇ જાણતું નથી. કદાચ પહેલી હોડીઓ માત્ર લાકડાંનાં ઢીમચાંની હતી. હિંદુસ્તાનના કિનારાંપર માછીઓ હોડીઓ વાપરે છે જે બેડોળ આકૃતિવાળા ને એકઠા બાંધેલા લાકડાના માત્ર ત્રણ ઢીમચાંની બનેલી હોય છે. પછી માણસો ઢીમચાંને હોડીનો આકાર આપતાં શીખ્યા, તેઓએ ઢીમચાઓમાં દેવતા સળગાવીને અને પછી થોડાં બળેલાં લાકડાંને પત્થર કે કાંસાનાં કુહાડાથી છોલીને પોલું કાધું. પોલાં કરેલા ઝાડના

થડથી બનાવેલી હોડી હિંદુસ્તાનના પશ્ચિમ કીનારાપરની ખાડીઓમાં વપરાય છે. ત્યાર પછી થોડા વખત પછી માણસો હોડી બાંધતા શીખ્યા. પહેલ વહેલાં આ હોડીઓ બહારથી ચામડાંથી મઢેલા મોટા કંડીઆ જેવી બનાવવામાં આવી. આના જેવી વાંસની બનાવેલી હોડી હિંદુસ્તાનની ઘણી નદીઓમાં વપરાય છે, જ્યારે માણસોએ લોઢાના ઓજારો કેવી રીતે બનાવવા તે શોધી કાઢયું, ત્યારે તેઓ ઝાડને વહેરીને પાટિયાં બનાવવા શકિતવાન થયા, તે આ પાટિયાંના વહાણને મોટી હોડીઓ બાંધતા શીખ્યા. હિંદુસ્તાનમાં મહાન બુધીસ્ટ રાજા અશોકના જેટલાં લાંબા વખતથી આ પ્રમાણે કરતા. તેઓ પોતાના વહાણને ચલાવવાને હલેસાં ને સઢ બંને વાપરતા. જેમ જેમ માણસો વધારે મોટાં વહાણ બાંધતાં શીખ્યા તેમ તેમ વધારે લાંબી સફર કરવાને શકિતવાન થયા. પછી જેમ જેમ ખલાસીઓ વધારે હોશિયાર થતા ગયા તેમ તેમ તેઓ એથી વધારે મોટા વહાણ બાંધતા ગયા. આસરે સો વરસ પહેલાં હલેસાંને સઢને બદલે વહાણો ચલાવવાને માટે વરાળયંત્ર વપરાવવા લાગ્યાં. આવી રીતે ચલાવેલાં વહાણો વરાળથી ચાલતાં વહાણો અથવા આગબોટો કહેવાય છે. તે પાણીમાં સઢથી ચાલતાં વહાણો કરતાં વધારે ઝડપથી ચાલે છે અને સામે પવને જઇ શકે છે. પછી વહાણ બાંધવામાં મોટો બીજો ફેરફાર થયો, માણસોએ તેને લાકડાંના બનાવવાને બદલે લોઢું અથવા પોલાદના બનાવવા માંડયાં. કદાચ તમે એમ ધારો કે, લોઢાનું બનાવેલું વહાણ લાકડાનાં બનાવેલાં વહાણની માફક એટલું સારી રીતે તરી શકતું નથી. લોઢાનું વહાણ તરી શકશે કે નહિ એ તમે સહેલાઇથી તમારી મેળે શોધી કાઢશો. એક કલાઇનો પ્યાલો લો; જે કલાઈના અસ્તરવાળો લોઢાનો બનાવેલો ખરેખર હોય–તેને સીધો રાખવાને તે પ્યાલામાં થોડું પાણી રેડો અને તેને પાણીમાં મુકો, જો તમે તેને ઉંધો નહી વાળો અથવા તેમાં પાણી ન રેડો તો તે તદ્દન સારી રીતે તરશે એવું તમને માલમ પડશે. હવે ઘણું કરીને બધા વહાણો લોખંડ કે પોલાદનાં બનાવેલાં હોય છે. અને

તેમાંના કેટલાક એટલાં મોટાં હોય છે કે કેટલાક હજારો લોકોને લઇ જાય છે ને પાણીમાં થઇને એટલાં ઝડપથી ચાલે છે કે તે પાંચ દિવસમાં આટ્લાંટીક મહાસાગર ઓળંગી જાય છે અને મુંબાઇથી લંડન ત્રણ અઠવાડિયામાં જાય છે.

પાઠ ૨૫ મો ઑડીશિયસ ને સાઇક્લોપ્સ. ૩

ઓડીશિયસ રાક્ષસના જેટલોજ તદ્દન લુચ્ચો હતો. ઘણા વિચાર પછી નાશી જવાને પોતાને માટે અને તેના દોસ્તદારને માટે તેણે એક ઉપાય શોધી કાઢયો. તેણે જે નેતરનું તેનું બીછાનું બનાવ્યું હતું. તેમાંથી થોડીક લીધી તે તેનાથી મોટાં મેંઢાને ત્રણ ત્રણ સાથે બાંધ્યાં. દરેક ત્રણના વચલા મેંઢાની નીચે તેણે પોતાના એક માણસને બાંધ્યો. પછી તેણે પોતે ટોળામાંના સૌથી સારા મેંઢાના ઘાઢાં ઉનમાં પોતાના હાથ ને પગ વાળી દીધા અને તેની નીચે વીંટલાઇને પડી રહીને મળસકુ થવાની રાહ જોઇ. જ્યારે સૂર્ય ઉગ્યો ત્યારે ઘેટાંઓ મોટેથી બરાડા પાડવા માંડયા, ને ચરવાને બહાર ગયા. પોલીફીમસ જેને ઘણું દુઃખ થતું હતું તે જેવા તે તેની પાસેથી પસાર થતા તે વખતે તેની પીઠ ઉપર કે તેની વચમાં નથી એવી પકકી ખાતરી કરવાને તેણે ઇચ્છા કરી. તેણે થોડોજ વિચાર કર્યો કે, તેઓ મેંઢાની નીચે બંધાયા હતા, જે મોટો ને ખુબસુરત મેંઢો ઓડીશિયસને લઇ જતો હતો તે સૌથી છેલ્લો બહાર આવ્યો. જેવો તે રાક્ષસ પાસેથી પસાર થયો કે તરતજ ઑડીશિયસ પોતે તે મેંઢાની નીચેથી છુટો થયો અને પોતાના મિત્રોને છુટા કર્યા. ઝડપથી ગ્રીકો ઘણાં મેંઢાંને વહાણ ઉપર હંકારી લઇ ગયા; ને તેને વહાણમાં ચઢાવ્યાં. તેઓએ પછી પોતાનાં હલેસાં લીધાં ને જમીનથી થોડે છેટે વહાણને હલેસાં મારીને લઇ ગયાં. તેઓ હંકારી ગયા તે પહેલાં ઑડીશિયસે રાક્ષસને બુમ પાડીને કહ્યું કે દેવે તને તારાં ઘાતકી કામ માટે શિક્ષા કરી છે. આથી રાક્ષસ ઘણો ગુસ્સે થયો. તેણે એક ઉંચી ટેકરીની ટોચ ભાંગી નાંખીને

વહાણ તરફ ફેંકી. તે વહાણની આગળ પડીને મોટું મોજું ઉભું કર્યું જે મોજાંએ વહાણને પાછું કિનારા તરફ હાંકી કાઢયું. પછી ઑડીશિયસે એક મોટો વાંસ લીધો ને વહાણને કિનારાથી દુર હડસેલ્યું. માણસોએ પોતાનાં સઘળા જોરથી હલેસાં ઉપર કામ કર્યું, અને તરત તે ભયમાંથી મુકત થયું. એકવાર ફરીથી ઑડીશિયસે રાક્ષસને મોટેથી બુમ પાડી. જો કોઇ માણસ તને પૂછે કે તારી આંખ કેણે ફોડી નાંખી તો તેને કહેજે કે જેણે ફોડી નાંખી તે ઑડીશિયસ હતો. જ્યારે પૉલીફીમસે આ સાંભળ્યું ત્યારે તેણે ઑડીશિયસને કિનારાપર ફરીથી આવવાને વિનંતી કરી કે હું તારા પર મહેરબાની બનાવીશ. ને તારી બરદાશ સારી રીતે કરીશ પણ ઑડીશિયસ માત્ર હસ્યો. પછી તે ગુસ્સાવાળા રાક્ષસે બીજો મોટો ખડક વહાણ તરફ ફેંકયો. તે સુકાનની છેક નજદીક પડયો ને મુખ્ય વહાણને વધારે ઝડપથી ચાલવામાં તેણે મદદ કરી ગ્રીકોએ સખત રીતે હલેસાં માર્યાં અને તેઓનું વહાણ પ્રકાશતાં મોજાં ઉપરથી ઝપાટાબંધ ચાલ્યું. તરતજ સાઇકલોપ્સનો ટાપુ છેટે દેખાતો બંધ પડયો ને છેવટે દ્રષ્ટિ મર્યાદાની નીચે દેખાતો બંધ થયો.

પાઠ ૨૬મો કાગળ લખવા વિષે.

એક દિવસ ટપાલવાળો સિપાઇ એક નિશાળે આવ્યો. તે મોટા શિક્ષકના બે કાગળ ને એક છોકરાનો એક લાવ્યો. છોકરાએ પોતાનો કાગળ લીધો ને પહેલાં તેનું સરનામું જોયું. તેણે વાંચ્યું પણ કોના તરફથી કાગળ આવ્યો છે તે તેણે જાણ્યું નહિ. મહેતાજીએ કહ્યું, ગોવિંદ તારો કાગળ ઉઘાડ. બહારની બાજુએથી જોઇને કોના તરફથી કાગળ છે તે હું કહી શકતો નથી. ગોવીંદે પરબીડીઆનો ઉપલો ભાગ ફાડયો ને પોતાનો કાગળ બહાર કાઢયો તે અંગ્રેજીમાં લખેલો હતો, તેથી તેણે શહેલાઇથી વાંચ્યો. તે તેના ભાઈ રમણનો હતો જે આશરે વીશ માઇલ દુરના શહેરમાં કલેકટરની કચેરીમાં કારકુન હતો. તેમાં

રમણે ગોવીંદને લખ્યું હતું કે હું સારો છું અને મને આશા છે કે મને થોડા વખતમાં ઉપર ચઢાવશે. તેણે વળી લખ્યું હતું કે ઉપરી કારકુનની મારાપર મહેરબાની છે ને કલેક્ટર સાહેબ પોતે મારા કામથી સંતોષ પામ્યા છે. ગોવીંદ આ કાગળથી ઘણો ખુશી થયો અને તેણે મહેતાજીને કહ્યું મહેરબાન સાહેબ, બીજા છોકરાને મારો કાગળ વાંચી સંભળાવું ? કોના તરફથી એ કાગળ છે એવું મહેતાજીએ પુછયું, અને જ્યારે ગોવીંદે કહ્યું, કે એ મારા ભાઇ રમણનો છે ત્યારે મહેતાજીએ તે મોટેથી વાંચવાને તેને કહ્યું. જ્યારે તે કાગળ વાંચી રહ્યો ત્યારે મહેતાજીએ કહ્યું, એ ઘણો સારો કાગળ છે. તારો ભાઇ અત્રે નિશાળમાં કાગળ લખતાં શીખ્યો ને કાગળ કેમ લખવો તે શીખવાનો તમારે સઘળાને આ વખત છે. તમારી મરજીમાં આવે તેને દરેક જણ લખો. તેણે પછી દરેક છોકરાને પોતે કોને કાગળ લખવા ઇચ્છે છે તે પુછયું, ને જ્યારે દરેકે જવાબ દીધો ત્યારે તેણે કહ્યું. કાગળ કેમ લખવો તે હવે હું તમને કહીશ. દરેક કાગળનો કટકો લો. જમણા હાથના મથાળાના ખુણાપર સરકારી હાઇસ્કૂલ ને તેની નીચે "કૂચ પરવાની પોર" લખો. આની નીચે તારીખ ૧લી એપ્રીલ ૧૯૦૭ લખો; તારીખની નીચે ને પાનાની બીજી બાજુએ જે માણસપર તમે લખતા હો તેનું નામ મુકીને.

વહાલા—લખો.

મહેતાજીએ એ પછી કાળા પાટીઆ ઉપર આ પ્રમાણે લખ્યું.

સરકારી હાઇસ્કૂલ
કુચપરવાની પોર
૧લી એપ્રીલ ૧૯૦૭

વહાલા,

શરૂઆત કર્યા પછી તમારી મરજીમાં આવે તે હવે તમારા કાગળમાં લખી શકશો. જ્યારે તમે કાગળ પુરો કરી રહો ત્યારે તમારે

લખવું જોઇએ કે હું છું, અને પછી જો તે કાગળ તમારાં સગાં ઉપ- રનો હોય તો તમારો વહાલો છોકરો કે ભાઇ કે ભત્રીજો કે પિત્રાઈ ભાઇ. જો તે મિત્રના ઉપર હોય તો તમારો વહાલો મિત્ર ને પછી તમારા નામની સહી કરો.

હું છું,

તમારો વહાલો છોકરો.

સઘળા છોકરાએ ઠેકાણું તારીખ ને વહાલા એમ લખ્યું અને પછી કાગળ સામું જોતા ને પોતાની કલમ કરડતા બેઠા શું લખવું તેનો તે વિચાર કરી શકયા નહિ. મહેતાજીએ આ તરત જોયું, અને કહ્યું, શું લખવું તે તમે જાણતાં નથી. તમારા સાહી ચુસવાના કાગ- ળથી જે તમે લખ્યું છે તે સુકાવો ને તમારા કાગળ ડેસ્કમાં મુકી દો. આવતી કાલે કાગળ લખવા બાબતનું એક કાવ્ય આપણે વાંચીશું અને કાગળ લખવાને ફરીથી પ્રયત્ન કરજો.

પાઠ ૪૬ મો. કાગળ કેમ લખવો.

મેરીઆએ એક કાગળ લખવાનું ધાર્યું પણ તેણે જેમ ધાર્યું તેમ લખવાનું શરૂ કરી શકી નહિ. તેથી વહાલી બ્હેનને વળી તારીખ લખેલી સ્લેટ ને પેનશીલ લઇને પોતાની મા પાસે ગઇ. મારી વહાલી છોકરી કાંઇ કહેવાનું ન હોય તો કાગળ અને સાહી ઉપર તમારો વખત ગુમાવવાનો વિચાર ન કરો. કાંઇપણ કહેવાનું શોધી કાઢવાને તમારી સ્લેટવતી પ્રયત્ન કરવાની ખચિત આ એક ઉત્તમ રીત છે. તેની માએ કહ્યું, મારી વહાલી હું તને એક નિયમ આપીશ. હમણાં એક ક્ષણ ધાર કે તારી બ્હેન અહિંઆ છે, ને તેને તું શું કહેશે? વિચાર કર ને પછી જો તારી જીભ ચુપ હશે તો તું તારી કલમ વતી બોલી શકશે.

પાઠ ૨૮ મો. પાણીની વરાળ.

જ્યારે લોકો પોતાના કપડાં ધોય છે, ત્યારે તેઓ વારંવાર જમીન ઉપર સુકાવાને મુકે છે. જ્યારે તે સુકાય છે ત્યારે જે પાણી તેમાં હતું તે આપણે વધારે વાર જોઇ શકતા નથી કે લાગતું નથી; તે ગુમ થઇ ગયું છે. તે ક્યાં ગયું છે? જો સુકી રેતી ઉપર પાણી રેડ્યું હોય તો રેતી તેને ચુસી જાય છે અથવા ગરક કરે છે; તે ગુમ થાય છે. પણ આપણે જોઇ શકીએ છીએ કે રેતી ભીની છે કારણકે તેનો રંગ જુદો છે ને આપણને તે લાગે છે કે ભીની છે. હવે જ્યારે આપણા લુગડાં હવામાં સુકાય છે, તેનું કારણ એ કે જે પાણી તેમાં હોય છે તે તે ચુસી લે છે. પણ હવામાં આ પાણીને આપણે જોઇ શકતા નથી. અથવા આપણને તે લાગી શકતું નથી કારણ કે તે પોતે હવા જેવું પાતળું થયું છે. પણ અગર જો આપણે તેને જોઇ શકતા નથી કે તે લાગી શકતું નથી તોપણ હમેશાં હવામાં થોડું પાણી હોય છે, કોઇવાર વધારે અને કોઈ વાર ઓછું. જ્યારે સૂર્ય ચકચકિત રીતે પ્રકાશે છે ને જ્યારે કપડાંને નદિના તળિયાની ગરમ રેતી ઉપર પાથરવામાં આવે છે ત્યારે તે ભીનાં કપડાં ઘણી ઝડપથી સુકાઇ જાય છે. જ્યારે આકાશ વાદળાવાળું હોય ત્યારે અથવા રાત્રે ને ઘણી ધીમેથી સુકાય છે. વળી જ્યારે દેવતા આગળ તેને લટકાવવામાં આવે છે ત્યારે જલદીથી સુકાઈ જાય છે. તેટલા માટે આપણે જોઇએ છીએ કે ગરમી તેને જલદીથી સુકાવી નાંખે છે. આપણે વળી જોઇએ છીએ કે ગરમ ઋતુમાં તળાવ ને ખાબોચીયાનું પાણી ઓછું થઇ જાય છે. જો આપણે સંભાળ પૂર્વક જોઇએ તો દીવસે દીવસે પાણી વધારે ને વધારે નીચું જતું જોઇ શકીએ છીએ. આનું કારણ એ છે કે તે હવાથી ચુસાઇ જાય છે. વળી આપણે જોઇએ છીએ કે ઘરમાં પથ્થરની જમીનપર પાણી રેડ્યું હોય તો તે સુકાઈ જાય છે, તે વળી હવાથી ચુસાય છે. હમેશાં હવા પાણીને ચુસી લે છે પણ પાણી ગરમ તેમ વધારે ચુસે છે. હવે

હવા પાણીને ચુસી લે તેટલા માટે પાણીએ હવની માફક પાતળા થવું જોઇએ. જે પાણી આ હાલતમાં હોય છે તે પાણીની વરાળ કહેવાય છે. જ્યારે પાણી ઉકાળવામાં આવે છે ત્યારે તે ઘણી ઝડપથી પાણીની વરાળમાં ફેરવાઇ જાય છે. જે વાસણમાં તે પાણી ઉકાળ્યું હોય છે તેને તળીએ પરપોટા પાણીની વરાળના છે, હવાના પરપોટા નથી. એમ છતાં જ્યારે પાણી ઉકાળેલું હોતું નથી ત્યારે તે ધીમે ધીમે પાણીની વરાળમાં ફેરવાઇ જાય છે. પણ આ પાણીની વરાળ પાણીની સપાટી ઉપરથી આવે છે તેથી આપણે પરપોટા જોતા નથી. જ્યારે પાણી આ રીતે શાંત રીતે નહિ દેખાય એવી વરાળમાં ફેરવાઇ જાય છે ત્યારે વરાળરૂપે ઉડી જતું કહેવાય છે. હવે યાદ રાખો કે પૃથ્વી ઉપર જમીન કરતાં ત્રણ ગણું પાણી છે આ પાણીમાંથી હવા હમેશાં પાણીની હવા ચુસી લે છે. તેટલા માટે આપણે જોઇએ છીએ કે, આપણે પાણીની વરાળને જોઇ શકતા નથી તોપણ તે હવા પાણીની વરાળ ભરેલી હોવી જોઇએ.

પાઠ ૨૯મો રાજા અને છોકરીઓ.

એક વખતે એક રાજા હતો જેને કેટલીક છોકરીઓ હતી. તેણે પહેલીને કહ્યું. તું મને ચાહે છે? જ્યારે તેણે જવાબ દીધો કે હા, ત્યારે તેણે પૂછ્યું, તારૂં હેત કોના જેવું છે? તેણે કહ્યું, મારૂં હેત સાકર જેવું છે; તેણે બીજીને કહ્યું, તારૂં હેત કોના જેવું છે? તેણે કહ્યું મારૂં હેત મધ જેવું છે. તેણે ત્રીજીને કહ્યું, તારૂં હેત કોના જેવું છે? તેણે કહ્યું મારૂં હેત સરબત જેવું છે, તેણે છેલ્લી ને સૌથી નાનીને કહ્યું, તારૂં હેત કોના જેવું છે? તેણે કહ્યું મારૂં હેત મીઠા જેવું છે. પોતાની સૌથી નાની છોકરીનો જવાબ સાંભળીને રાજાએ ધુરકાવ્યું; અને ત્યાર પછી જ્યારે તેણે તેને ફરી પૂછ્યું ને, તેણે તેજ જવાબ આપ્યો ત્યારે તેણે તેને જંગલમાં કાઢી મુકી. ત્યાં જ્યારે દીલગીરીથી રખડતા તેણે ઘોડાની ખરીનો અવાજ સાંભળ્યો અને તે એક પોકળ

ઝાડમાં પોતે સંતાઈ ગઈ. પણ સ્વાર જે શાહજાદો હતો તેને તેની સાડીનો છેડો તેની નજરે પડયો. તેણે તેને ઝાડમાંથી બહાર આવવા કહ્યું, ને જ્યારે તેણે તેને જોઇ ત્યારે તે તેની સાથે પ્યારમાં પડયો ને તરતજ તેને પરણ્યો. થોડા વખત પછી તે રાજા તેનો બાપ જે તેનું શું થયું છે તે જાણનો નહતો તે તેના ધણીની મુલાકાતે આવ્યો. સાંજના તે જમવાને બેઠો. હવે શાહજાદીએ પોતાના બાપની પાસે મુકવાને સાકર અને મધની બનાવેલી રકાબી માત્ર મુકવાનો હુકમ કર્યો. આ તેણે બીલકુલ ખાવાની ના પાડી અથવા માત્ર ચાખી જોઇ. એમ છતાં તે બહુ ભુખ્યો હતો ને પોતે તે ખાઈ શકે એવું કાંઈપણ ખાવાની તેને ઘણી ઇચ્છા હતી. આખરે શાહજાદી મીઠું દીધેલી સાધારણ સ્પીનેચ જે ખેડુતો ખાય છે તેની રકાબી લાવી. અને આ ખાઇને રાજા પોતાની ભુખ તૃપ્ત કરવાને શકિતવાન થયો. પછી શાહજાદીએ પોતાનો બુરખો કાઢી નાખ્યો અને કહ્યું, અરે મારા પીતા મારૂં હેત મીઠા જેવું છે. મારૂં હેત સાદું હશે પણ તે ખરૂં છે. સાચું ને લાંબો વખત પહોંચે એવું છે, ને હું તમારી ક્ષમા માગું છું. ત્યારે રાજાએ જોયું કે મેં મોટી ભુલ કરી છે, અને તે પ્યારથી પોતાની છોકરીને ભેટયો.

પાઠ ૩૦ મો, તેઓ તેના લડવૈયાંને મુએલો ઘેર લાવ્યા.

તેઓ તેના લડવૈયાને મુએલો ઘેર લાવ્યા, તે બેશુદ્ધ થઇ નહિ કે તેણે બુમ પાડી નહિ. તેની દાસીઓએ તપાસતાં કહ્યું. તેણે રડવું જોઇએ નહિ તો તે મરી જશે. પછી તેઓએ નરમાશથી ને ધીમેથી તેનાં વખાણ કર્યાં, તેને ચાહવા લાયક સૌથી સાચો અને ઉમદા દુશ્મન કહ્યો તોપણ તે બોલી કે હાલી નહિ. એક દાસી પોતાની જગ્યાએથી છાનીમાની ચાલી ગઈ ને ધીમેથી તે યોદ્ધા પાસે ચાલી આવી. ચહેરા ઉપરથી ઓઢાડેલું લુગડું કાઢી લીધું તો પણ તે હાલી કે રડી નહિ. નેવું વરસની એક દાઇ ઉઠીને તેના ઘુંટણ ઉપર તેનું બાળક મુકયું;

ઉન્હાળાના તોફાન માફક તેને આંસુ આવ્યાં, મારાં વહાલાં બાળક, હું તારે માટે જીવું છું.

પાઠ ૩૧ મો ઝાકળ અને વરસાદ.

સહવારના પહોરમાં ઘાસ ઉપર ઝાકળ કેવી સુંદર દેખાય છે. તે ત્યાં કેમ આવે છે? તે માત્ર પાણી વરાળ છે જે રાતના વખતમાં પાછી પાણી થઇ છે. આપણે જોયું કે ગરમી પાણીને વરાળ રૂપે ઉડાવી મુકે છે. દીવસના વખતમાં જ્યારે સૂર્ય હવાને ગરમ બનાવે છે ત્યારે તે દરીઆમાંથી ને દરેક તળાવ ને નદીમાંથી પાણીની વરાળ ચુસી લે છે. રાત્રે જ્યારે સૂર્ય વધારે વાર પ્રકાશતો નથી ને હવાને પૃથ્વી ફરીથી ઠંડી પડી જાય છે ત્યારે આ પાણીની વરાળમાંથી થોડી ઘણીજ ધીમેથી પાણીમાં ફેરવાઇ જાય છે ને આપણે તેને દરેક ઠેકાણે ઝાકળના ટીપાંના આકારમાં જોઇએ છીએ. ગરમ પાણીને પાણીની વરાળમાં ફેરવી નાંખે છે અથવા વરાળરૂપે ઉરાડી મુકે છે. ઠંડી પાણીની વરાળને ફરીથી પાણીમાં ફેરવી નાંખે છે અથવા તેને ઘટ્ટ કરી નાંખે છે. જો તમે આકાશમાં ઉંચે જુઓ તો તમે ઘણું કરી વાદળાં જોશો ને સુંદર (વાદળા વગરના) હવામાં તે ધોળાં ને છેક ઉંચે દેખાય છે; પણ વરસાદની ઋતુમાં અથવા જ્યારે વરસાદ આવતો હોય ત્યારે તે વધારે કાળાં ને પૃથ્વીની વધારે પાસે હોય છે. વાદળાં શું છે? જ્યારે પાણી ઉકળે છે ત્યારે તમે વરાળ જુઓ છો જો તમે સંભાળથી ઉકળતા પાણી તરફ જોશો તો તમે વરાળને પાણીની લગોલગ જોઈ શકશો નહિ પણ તેની ઉપર જરા છેટે જોશો. જ્યારે પાણી ઘણું ઉકળે છે ત્યારે પાણીની વરાળ તેમાંથી ઉંચે ચડે છે. આ પાણીની વરાળ દેખાતી નથી પણ જ્યારે તે વાસણમાં થઇને વધારે ઠંડી હવામાં ઉંચે ચડે છે ત્યારે તે ફરીથી પાણીમાં ફેરવાવા માંડે છે અને ત્યારે તે દેખાય છે અને આપણે તેને વરાળરૂપે જોઇએ છીએ. વરાળ પાણીના ઘણા નાના

ભાગોની ખરેખર બને છે. જે વાદળાં તમે આકાશમાં જુઓ છો તે વરાળ જેવાં છે. તે પાણીમાં પાછી ફેરવાતી પાણીની વરાળ છે. જો જે હવામાં તે તરે છે તે હવા વધારે ઠંડી થાય છે તો તદ્દન તે પાણીમાં ફેરવાઈ જાય છે અને વરસાદરૂપે પડે છે.

પાઠ ૩૨મો.

સમુદ્રની માફક હવા ઘણું કરીને હંમેશાં વધતી ઓછી ગતિમાં હોય છે. ગતિમાંની હવા પવન છે. જો ગતિ ઓછી હોય છે તો તે પવનની લહેર છે. જો ઘણી જુસ્સાવાળી હોય તો તે તોફાન વાવાઝોડું છે. આપણે પાણીને જેમ હાલમાં જોઇએ છીએ તેમ આપણે હવાને જોતા નથી. પણ આપણને તે લાગે છે, અને આપણે તેની ગતિની અસર જોઇ શકીએ છીએ. આપણે ઝાડને વળતાં જોઇએ છીએ, અને તેનાં પાંદડાંને પવનમાં ખડખડાટ કરતાં સાંભળીએ છીએ; આપણે વાદળાંને ધીમી પવનની લહેરમાં આકાશમાં થઇને ધીમેથી જતાં અથવા પવનની આગળ ઉડતાં જોઇએ છીએ; અને પવનથી પાણીની સપાટી ઉપર ચઢતાં મોજાં આપણે જોઇએ છીએ. હવામાં પવન જમીન ઉપરની નદી જેવો છે. જેવી રીતે પાણી નદીના તળીઆમાં વહે છે તેમ હવાના મોટા પ્રવાહ અથવા પવન હવામાં થઇને વહે છે. નદી અને હવાના પ્રવાહ વચ્ચેનો એક મોટો તફાવત એ છે કે આગલો ઘણા લાંબા વખત સુધી એકજ દીશામાં વહેવાનું જારી રાખે છે જ્યારે પાછલો હંમેશા તેની દીશા બદલે છે વળી કોઇપણ નદી કરતાં હવાના પ્રવાહ ઘણાજ મોટા હોય છે. તે હજારો માઇલ પહોળા ને તે ઘણીજ ઉંડાઇવાળાં હોય છે. એમ છતાં આપણે એમ ન ધારવું કે જે પવન આપણને લાગે છે તે વળી હવામાં ઉંચો વાય છે અથવા તે ઉંચે શાંત હોય છે, કારણ કે પૃથ્વીની સપાટી ઉપર તે શાંત છે. કોઇ કોઇ વખતે તેજ વખતે હવાના બે પ્રવાહ હોય છે. જુદી જુદી દીશામાં જતાં એક બીજા ઉપર—કદાચ એક ઉત્તરથી દક્ષિણ તરફ; ત્યારે બીજો

દક્ષિણથી ઉત્તર તરફ આપણને બીલકુલ પવન લાગતો નથી ત્યારે આકાશમાં છેક ઉંચે જલદીથી ચાલતાં વાદળાં આપણે વારંવાર જોઇએ છીએ. વરાળયંત્રની શોધ પહેલાં માણસો હમણાં પવનનો જે ઉપયોગ કરે છે તે કરતાં વધારે ઉપયોગ કરતાં. તેની મદદથી ચાલતાં વહાણો અને અનાજ દળવાને માટે ઘંટીઓ તેનાથી ચાલતી હતી. હવે ઘણું કરીને સૌથી મોટાં વહાણો આગબોટ છે, અને અનાજની ઘંટી વારંવાર યંત્રથી ચલાવાય છે

પાઠ ૩૩મો.

કૉફેચુઆ નામનો કોઇએક આફ્રિકાનો રાજા જો કે તેના અમીરો તેને પરણવાને અરજ કરતા તોપણ તે પરણતો નહોતો. એક દીવસ એમ છતાં તે તેના દરબારમાં બેઠો હતો, તે વખતે એક ખુબસુરત ભીખારણ તેની પાસે થઇને જતી હતી. તે તેની સાથે પ્યારમાં પડ્યો ને તે પછી તરતજ તેને પરણ્યો. આ બાબતનું એક કાવ્ય આ પ્રમાણે છેઃ—

ભીખારીની છોકરી.

તેણે પોતાના હાથ પોતાની છાતી ઉપર મુક્યા હતા; શબ્દો કહી શકે તેના કરતાં તે વધારે સુંદર હતી. તે ભીખારણ કૉફેચુઆ રાજા આગળ ઉઘાડે પગે આવી, તેને રસ્તે મળવાને ને આવકાર આપવાને રાજા ઝભો ને મુગટ સહીત નીચે ચાલી આવ્યો. અમીરોએ કહ્યું દીવસ કરતાં તે વધારે ખુબસુરત છે એમાં કાંઈ અજાયબ જેવું નથી. જેવી રીતે ચંદ્ર વાદળાવાળાં આકાશમાં પ્રકાશે છે તેવી રીતે તે પોતાના ગરીબ પોષાકમાં દેખાય છે એકે તેની ઘુંટીના, એકે તેની આંખના, એકે તેના કાળા વાળના હેતાળ દેખાવના વખાણ કર્યા. આવો મધુર ચહેરો, આવી દેવદૂત જેવી ખુબસુરતી તે આખા દેશમાં કદી નહોતી; કૉફેચુઆએ બાદશાહી કસમ ખાધા; આ ભીખારણ મારી રાણી થશે.

પાઠ ૩૪મો ઉંટ ને ઉંદર.

કોઇ એક ઉંટ પોતાના ધણી પાસેથી ભટકતું જમીન ઉપર પોતાની નાથ ઘસડતું આવજા વગરના રસ્તા પર ફરતું હતું. જેવામાં તે ધીમે ધીમે ચાલતું હતું તેવામાં એક ઉંદરે તે દોરીનો છેડો પોતાના મોંમાં ઉચકીને એક ઉંટને દોરવાને શક્તિવાન થવાને હું કેટલો મજબુત હોવો જોઇએ એ પોતાની મેળે આખો વખત વિચાર કરતો તે મોટા પ્રાણીની આગળ ખડદુક કરતો ચાલ્યો. થોડા વખત પછી તેના રસ્તા પર જે નદી આડી આવી હતી તેના કિનારા પર તેઓ આવ્યા અને ત્યાં ઉંદર એમએક ઉભો રહ્યો. ઉંટે કહ્યું સાહેબ મહેરબાની કરી ચાલો. ઉંદરે કહ્યું હું ચાલી શકતો નથી. પાણી એટલું ઉંડુ છે કે હું ચાલી શકતો નથી. ઉંટે કહ્યું તે ઘણું ઉંડું નથી. તમારે માટે તેની ઉંડાઇ મને તપાસવા દે. જ્યારે તે ઝરાની વચમાં આવ્યો ત્યારે ઉંટે આસપાસ જોયું ને બુમ પાડીને કહ્યું, તું જો કે હું સાચો છું. પાણી માત્ર ધુંટણપુર ઉંડું છે તેથી ચાલો. ઉંદરે કહ્યું હા. પણ તમે જુઓ છો કે તમારી ધુંટણને મારી ધુંટણ વચ્ચે થોડોક તફાવત છે. મહેરબાની કરીને મને પેલે પાર લઇ જાઓ ઉંટે જવાબ દીધો તારી મગરૂરી કબુલ કર ને ભવિષ્યમાં ન થવાને વચન આપ. અને હું તને પેલે પાર સહીસલામત લઈ જઇશ. આ તે ઉંદરે ખુશીથી કબુલ કર્યું ને તેથી તે ઉંટ તેને પેલે પાર લઇ ગયો.

પાઠ ૩૫મો પવન (૨)

શા માટે હવા હમેશાં શાંત રહેતી નથી? શા માટે કોઇ પવન હોય છે? પવન ઘણું કરીને સૂર્યની ગરમીથી ઉત્પન્ન થાય છે. ચાલો આપણે પ્રયત્ન કરીએ અને આમ કેમ થાય તે સમજીએ. એકવીશમા પાઠમાં આપણે જોયું છે કે જ્યારે પાણી વરાળરૂપે ઉડે છે ત્યારે એવી રીતે બનેલી પાણીની વરાળ હવામાં ચઢે છે. આપણે જાણીએ છીએ કે જ્યારે પાણી ગરમ થાય છે ત્યારે આમ બને છે, કારણકે આપણે

તેમાંથી નીકળીને વરાળને હવામાં ઉંચે ચઢતી જોઇએ છીએ. શા માટે તે ઉંચે ચડે છે? માત્ર કારણ એ છે કે તે હવા કરતાં વધારે હલકી છે જો આપણે પાણી નીચે લાકડાંનો કટકો પકડી રાખીએ અને પછી તેને છોડી દઇએ તો તે પાણીને મથાળે ચઢી આવશે. આનું કારણ એ છે કે તે પાણી કરતાં હલકો છે. તેજ રીતે પાણીની વરાળ ઉંચે ચઢે છે. કારણ કે તે હવા કરતાં વધારે હલકી છે. હવે જેવી રીતે પાણીને પાણીની વરાળમાં ફેરવી નાંખે છે જે વરાળ હવા કરતાં વધારે હલકી હોય છે તેવી રીતે ગરમી હવાને વધારે હલકી બનાવે છે; જેથી કરીને જે હવા વધારે ઠંડી હોય છે તે ઉપર વધારે ગરમ હવા હંમેશાં ઉપર ચઢશે અને તેજ રીતે જે હવા વધારે ગરમ હોય છે તેમાં થઇને ઠંડી હવા ડુબી જશે અથવા પડી જશે. હવે જમીન ઉપરની હવા દરીઆ ઉપરની હવા કરતાં સૂર્યના તડકાથી વધારે ઝડપથી ઘણીજ ગરમ થાય છે. તેટલા માટે ગરમ હવા જમીન ઉપરથી ઉંચે ચઢે છે. ગરમ હવા ઉંચે ચઢવાથી તેની જગ્યાએ બીજી હવા આવવા દેવાને માટે જગ્યા કરે છે. અને હવાનો અથવા પવનનો પ્રવાહ દરીઆમાંથી જમીન ઉપર વહે છે. હિંદુસ્તાનના કિનારા ઉપર જે લોક રહે છે તે લોક જોય છે કે દરીઆની લહેર વારંવાર બપોરે વાવા માંડે છે ને સૂર્યાસ્ત સુધી વધારે મજબુત થાય છે ને પછી તે નરમ પડી જાય છે. હવે તમે દરીઆની લહેરનાં કારણ વિષે સમજશો. જમીન ઉપરની લહેર એજ રીતે ઉત્પન્ન થાય છે. જમીન ઉપરની હવા દરીઆ ઉપરની હવા કરતાં વધારે ઝડપથી ઠંડી થાય છે અને તેટલા માટે જમીન ઉપરથી દરીઆ ઉપર વહેવાને હવા બનાવી છે. આ જમીન ઉપરની લહેર છે. ત્યારે આપણે જોઇએ છીએ કે પવન સૂર્યની ગરમીથી વારંવાર બને છે અને તે વારંવાર દરીઆ ઉપરથી જમીન તરફ વહે છે. આપણે જાણીએ છીએ કે હિંદુ-સ્તાનના રહેવાસીઓના કલ્યાણને માટે આ કેવું અગત્યનું છે. જે પવન દરીઆ ઉપરથી આવે છે તે ભીનાશથી ભરેલો હોય છે જે ભીનાશ જમીન ઉપર પવનથી લઇ જવામાં આવે છે પણાં જરૂરનાં વરસાદ

તરીકે પડે છે. હિંદુસ્તાનમાં ઘણોખરો વરસાદ નૈરૂત્ય તરફના ચોમાસાના પવનથી આવે છે જે ભીનાશવાળો છે. જે જુનથી સપ્ટેમ્બર સુધી પશ્ચિમ ને ઉત્તર હિંદુસ્તાનપર વિષુવવૃત્તની પાસેથી વાય છે. ઇશાનના ચોમાસાનો પવન એ એવી જાતનો પવન છે જે અકટોબરથી જાનેવારી સુધી હિંદુસ્તાનના અગ્નિ ખુણા ઉપર વાય છે આપણે સમજીએ છીએ કે હિંદુસ્તાનના લોકોનું કલ્યાણ આ ચોમાસાના પવન ઉપર કેટલો આધાર રાખે છે, જ્યારે આપણને યાદ આવે છે કે તેની નિષ્ફળતાથી દુકાળ પડે છે.

પાઠ ૩૬ મો.

મેં એક છોકરાને આતુર નજરથી એક દુકાનપર એક ચોપડી ઉઘાડતાં અને જાણે કે તે આખી ખાઇ જતો હોય એમ વાંચતા જોયો; જે જ્યારે દુકાનદારે જોયું ત્યારે મેં તેને તે છોકરાને કહેતાં તરતજ જોયું-સાહેબ તમે કદી ચોપડી ખરીદ કરતા નથી, તેટલા માટે તમારે ચોપડીમાં જોવું નહિ. તે છોકરો ધીમેથી આગળ ચાલ્યો ગયો અને એક નિસાસો મુકીને તેણે ઇચ્છયું કે મને વાંચતા કદી શીખવ્યું ન હોત તો પછી તે ઘરડા કંજુસની ચોપડીની મારે કાંઇ જરૂર પડત નહિ. ગરીબ લોકોને ઘણાં દુ:ખો હોય છે જે પૈસાદારને કદી દુ:ખ દેતાં નથી. મેં તરત એક બીજા છોકરાને જોયો. જે જાણે એની પાસે કાંઇ ખોરાક ન હોય એમ દેખાતો હતો, કાંઇ નહિ તો તે દિવસ માટે તેની પાસે કાંઇ ખોરાક ન હોય, તે કલાલની દુકાનની માંસ ભરવાની ઓરડીમાંનું વાસી ખાવાનું જોઇને આનંદ લેતો હોય એમ દેખાયો. પછી મેં વિચાર્યું કે આવી રીતે ભુખ્યા ખોરાકની ઇચ્છાવાળા, આવી રીતે એક પાઇ વગરના સ્વાદિષ્ટ રાંધેલા ખોરાકનો તત્વમાલ જોનાર આ છોકરો જેની હાલત નક્કી વધારે મુશ્કેલ હશે, જો તેણે ઇચ્છયું હોય કે હું ખાતાં શીખ્યો ન હોત તો તેમાં કાંઈ અજાયબી નથી.

પાઠ ૩૭ મો એક દરબાર.

તમે કદી એક હિંદી રાજાના દરબારની મુલાકાત લીધી છે? જો તમે એ પ્રમાણે નહિ કીધું હોય તો દરબારમાં બેઠેલા ઉદેપુરના મહારાણાના આ ચિત્ર ઉપરથી જોઇ શકશો કે તે કોના જેવો છે. દરબાર મહારાજાના મહેલના ચોગાનમાં ભરવામાં આવે છે. મહેલનો થોડો ભાગ સુશોભિત રીતે કોતરેલા પત્થરના થાંભલાથી ટેકા આપેલા રવેશવાળો ચિત્રમાં બતાવેલો છે એક સુંદર શેત્રંજી (ગલીચા) જમીન ઉપર પાથરેલી છે અને પરોણા માટે ખુરશીઓ ગોઠવેલી છે. મહારાજાને શોધી કાઢવા એ સહેલું છે. બાકીની બેઠક કરતાં વચમાં વધારે ઉંચા બનાવેલા પોતાના તખ્ત ઉપર તે બેસે છે. તેનું તખ્ત સુશોભિત રીતે કોતરેલું છે અને તે કદાચ હાથીદાંતનું બનાવેલું છે. તેના ઉપર મખમલ ને સોનેરી કોરની ગાદી છે. મહારાણાની પોતાની ઢાળ પોતાની ઘુંટણ ઉપર રાખે છે, કારણ કે શું તે રજપુત નથી, અને તેટલા માટે યોદ્ધા નથી? તેની પછવાડે તેના હજુરીઆ છે જેમાંનો એક તેના કુટુંબનો વાવટો રાખે છે અને બીજા મોટા પંખા જે વડે તેને શાંત રાખવાને ને માખી ઉરાડવાને ચમ્મર રાખે છે. મહારાજાના જમણા હાથપર અંગ્રેજી એલચી બેસે છે ને તેની પાસે બીજો અમલદાર બેસે છે; જે કદાચ મદદનીશ એલચી છે. તે વળી અંગ્રેજી સીપાઇ છે; જે પ્રમાણે તેણે જે તરવાર લટકાવી છે તે ઉપરથી આપણે જોઇએ છીએ. જમણી ને ડાબી બાજુએ બીજી ખુરસીપર બેઠેલા મહારાજના સગાં ને ઉદેપુરના અમીરો છે ને તેમની પછવાડે ઉભા રહેલા તેમના ચાકરો છે. જમણી ને ડાબી બાજુએ પછવાડે ઉભા રહેલા ઉંચા ને સુશોભિત કપડાંવાળા માણસો રાજાના પોતાના હજુરીઓમાંના કેટલાક છે મહારાજાના પોતાના હજુરીઓ હાજર છે એટલુંજ નહિ પણ તેના રાજ્યના હાથીઓ અને માનીતા ઘોડાઓ વળી છે. હાથીના કપાળ ઉપર ને સુંઢ ઉપરના શણગાર જુઓ અને કેવા દમામથી મહાવત હાથીના કાન પછવાડે પોતાના પગ રાખીને બેસે છે. કદાચ અંબાડી રૂપાની છે.

પાઠ ૩૮મો. હંસ સાચવનારી છોકરી ભાગ-૧લો.

એકવાર એક નાની શાહજાદી હતી જેનો બાપ મરી ગયો હતો. તેની મા રાણી જીવતી હતી અને તે પોતાની નાની છોકરીને ઘણા હેતથી ચાહતી હતી. જ્યારે શાહજાદી મોટી થઇ ત્યારે એક જુવાન શાહજાદો જે દુર દેશમાં રહેતો હતો તેને પરણાવવાની હતી. આખરે દીવસ આવ્યો જ્યારે તેને પોતાનું ઘર છોડવાનું હતું અને તે દુરનો દેશ જેમાં તેનો શાહજાદો રહેતો હતો ત્યાં જવાનું હતું. તેની માએ તેને સઘળી જાતની મુલ્યવાન ને સુંદર ચીજો આપી સોના રૂપાના પ્યાલા ને રકાબી, હીરા અને મોતી, ને રેશમી સુંદર પોષાક. પછી તેણે પોતાની છોકરીને તેની સાથે મુસાફરી કરવાને એક દાસી અને તેને લઇ જવાને બે ઘોડા આપ્યા. એક ઘોડો પરીની ભેટનો હતો. તેનું નામ ફાલદા હતું ને તમે જેમ બોલો છો તેમ તે લગભગ બોલતો હતો. તે શાહજાદી પોતાની મુસાફરીએ નીકળી તે પહેલાં તરતજ તેની માએ કેટલાક વિચિત્ર લખાણવાળું સોનાનું પાતળું (પતરૂં) તેને આપ્યું. તેણે કહ્યું, વહાલી છોકરી, આની સંભાળ લેજે. તેને સંભાળથી રાખજે ને તે તને ઇજાથી બચાવશે. શાહજાદીએ પોતાની છાતીમાં તે તાવીજ મુકયું. પછી રાણીએ તેને વારંવાર ચુંબન કર્યું આખરે ઘણા આંસુ સાથે તેઓએ એક બીજાને છેલ્લી સલામ કરી. પછી શાહજાદી ને પેલી દાસી પોતાના ઘોડા પર બેઠાં ને ચાલ્યાં. સુરજનો તાપ હતો અને રસ્તો ધુળવાળો હતો. જ્યારે તે થન થન ચાલ્યા ત્યારે શાહજાદી ઘણી તરસી થઇ તેણે પોતાની દાસીને કહ્યું, મહેરબાની કરીને નીચે ઉતર અને પેલા ઝરામાંથી મારા સોનાના પ્યાલામાં થોડુંક પાણી મને આણી આપ. હવે દાસી ઘણી તોછડી ને લુચ્ચી હતી. તે જાણતી હતી કે હું રાણીથી ઘણે દુર છું. અને તે શાહજાદી તરફ બેઅદબ થવા લાગી. તેણે કહ્યું. જો તું તરસી હોવ તો તારી મેળે નીચે ઉતર અને ઝરામાંથી પી. હું તારી ખીજમતમાં રહેવાની નથી. શાહજાદી એટલી તરશી હતી કે તે પોતાના ઘોડાપરથી નીચે ઉતરીને ઝરાની બાજુએ ધુંટણીએ પડી અને

પાણી પીવાને પોતાનું માથું નીચું નમાવ્યું. તેને પોતાની દાસીના એ અદબીપણાથી ઘણું માઠું લાગ્યું ને તે રડી તેણે કહ્યું મને અજાયબી લાગી છે કે મારૂં શું થશે. ત્યારે તેની છાતી પરના તાવીજે કહ્યું–અફ્સોસ, અફ્સોસ, જો તારી મા જાણે તો તેનું વહાલું અંતઃકરણ ખરેખર ઉદાસ થાય. શાહજાદી શાંત થઈ. તે પોતાની બેઅદબ દાસીને એક શબ્દ બોલ્યા વગર તે ઘોડાપર બેસીને આગળ ચાલી.

પાઠ ૩૯મો. હંસ સાચવનારી છોકરી–ભાગ ૨ જો.

ફરીથી તે શાહજાદીને ઘણી ગરમી લાગી ને તરસી થઇ. એક વાર ફરીથી તેણે પોતાની દાસીને કહ્યું, પેલા ઝરામાંથી મારા સોનાના પ્યાલામાં થોડુંક પાણી ઉતરીને મહેરબાની કરીને આણી આપ. ફરીથી તે દાસી બેઅદબ થઇ. તેણે કહ્યું, તું તારી મેળે ઉતર; હું તારી હજુરમાં રહેવાની નથી. એક વાર ફરીથી તે શાહજાદી પોતાના ઘોડાપરથી નીચે ઉતરી અને વહેતા ઝરા ઉપર પોતાનું માથું નીચું નમાવ્યું. તેનાં આંસુ પાણીમાં પડયાં અને તેણે કહ્યું, મારૂં શું થશે? પણ તેની છાતી ઉપરના તાવીજે કહ્યું–અફ્સોસ, અફ્સોસ, જો તારી મા જાણશે તો તેનું હેતાળ અંતઃકરણ ખરેખર ઉદાસ થશે. પછી તેણે પીવાને પોતાનું માથું નીચું નમાવ્યું. જેવું તેણે આમ કર્યું તેવું તેની છાતીપરનું તાવીજ નીકળી પડયું ને ઝરામાં ઘસડાઇ ગયું. શાહજાદીએ તે જોયું નહિ પણ દાસીએ તે જોયું તે ફૂરખુશાલીથી મોટેથી હસી કારણ કે તે જાણતી હતી કે શાહજાદી હવે મારી સત્તામાં છે જ્યારે શાહજાદી પાણી પી રહી ત્યારે તેણે પોતાના ઘોડાપર ફરીથી બેસવાનો પ્રયત્ન કર્યો, પણ દાસીએ તેને હડસેલો મારી આઘી કરી અને કહ્યું, ના, આ ઘોડો મારો છે. હાલમાં મારી માલીકીનો છે (મારો છે) તું બીજા ઘોડાપર સ્વારી કરજે અથવા તું જ્યાં છે ત્યાં રહેજે. તે નમ્ર ને ગરીબ શાહજાદીને, કબુલ કરવાની જરૂર પડી. દાસીએ પોતાની શેઠાણીનો સુંદર સ્વારી કરવાનો ડ્રેસ (કપડાં) ઉતરાવી લીધા આ તે દાસીએ પહેર્યાં ને પછી શાહજાદીને

દાસીના લુગડાં પહેરાવ્યાં. તેઓ સ્વારી કરતાં આવ્યાં અને તે દાસીએ ઢોંગ કર્યો કે હું શાહજાદી છું. તેણે કહ્યું જો તું કોઇને કહેશે કે તું શાહજાદી નથી તો હું તને મારી નાંખીશ. તે ગરીબ નાની શાહજાદીને બ્હીક લાગી ને તેને વચન આપવાની જરૂર પડી કે હું કહીશ નહિ. તે રડી કારણ કે તેણે વિચાર્યું કે મારે હવે કોઇ મિત્ર નથી તેને ખરેખર એક મિત્ર હતો અને તે ફાલદા ઘોડો હતો. તેણે જે બન્યું. તે સઘળું જોયું ને સાંભળ્યું. આખરે તેઓ રાજાના મહેલમાં પહોંચ્યાં અને ખોટી શાહજાદી પણ શિંગડાના અવાજમાં ચોગાનમાં પેઠી. રાજા પોતે પોતાના છોકરાની કન્યાને આવકાર આપવાને દોડતો આગળ આવ્યો. જે દાસી શાહજાદી થવાનો ઢોંગ કરતી હતી તેને ઘોડા પરથી ઉંચકીને ઉતારી, અને તેના હાથ પર ચુંબન કર્યું, તે પછી તેને મહેલમાં લઇ ગયો. ખરી શાહજાદીની કોઇએ કાંઈ દરકાર કરી નહી. તેણે ચોગાનની આસપાસ આમતેમ ભટક્યાં કર્યું ને મારૂં શું થશે તેથી અજાયબ થઇ.

પાઠ ૪૦ મો હંસ સાચવનારી છોકરી ભાગ–૩ જો.

તે ખોટી શાહજાદીને એક ઉપરનાં ઓરડામાં લઇ જવામાં આવી. અહિંઆ તેણે પોતાની સ્વારીનો પોષાક બદલીને કસબનો સુંદર ઝભો પહેર્યો. એટલામાં ઘરડા રાજાએ બારીની બહાર જોયુંને ખરી શાહજાદીને ચોગાનમાં જોઇ તે ઘણી મધુર ને ખુબસુરત જણાઇ પણ ઘણી ઉદાસ જણાઇ. કોઇપણ માણસ કહી શકે અગર જો તેણે ફાટાં તુટાં (ગંદા) લુગડાં પહેર્યાં હતાં તો પણ તે કોઈ રાણીની છોકરી હશે. ઘરડા રાજાએ કહ્યું કે મને અજાયબી થાય છે કે તે કોણ હશે. દાસી હોવાનો ઢોંગ કરતી તે એક શાહજાદી જેવી દેખાય છે. જ્યારે તે ખોટી શાહજાદી પોતાના સુંદર લુગડાં સહીત દેખાય ત્યારે રાજાએ તેને પુંછ્યું કે અજાણી છોકરી કોણ છે. તેણે કહ્યું, અરે તે માત્ર એક ચાકરડી છે. તે ઘણી આળસુ છે અને હું આશા રાખું છું કે તમે તેને કાંઈ મહેનત આવે એવું સખ્ત કામ કરવાનું આપશો. ઘરડા રાજાએ કહ્યું તેને શું

કામ આપવું તે હું જાણતો નથી. ઉભા રહો, જે છોકરા હંસ સાચવે છે તેને મદદ કરશે. ખોટી શાહજાદીએ કહ્યું, તે ચાકરો કાંઇ પણ જાતનું કામ તેને માટે પુરતું સારૂં છે. તેથી તે ખરી શાહજાદીને હંસ સાચવનાર છોકરો જેનું નામ કૉનરેડ હતું તેને મદદ કરવાને મોકલવામાં આવી. પછી તે ખોટી કન્યા જે શાહજાદો તરત તેનો ધણી થવાનો હતો તેની પાસે બેઠી. તેઓએ ઘણી બાબતો વિષે વાત કરી. આખરે તેણે કહ્યું વહાલા શાહજાદા તમે મારૂં કાંઇ કામ કરશો? તેણે કહ્યું, તમે ગમે તેવું કાંઇ માંગ તે કરવામાં આવશે. પછી તેણે કહ્યું, જે ઘોડા પર બેસી અત્રે આવી છું તે ઘોડાનું માથું કાપવાને તમારા કોઈ માણસને કહો. તે ઝનુની ને જંગલી પ્રાણી છે ને રાખવા લાયક નથી. સાચું એ હતું કે તેને ધાસ્તી હતી કે ઘોડો બોલશે. તેણે વિચાર્યું કે તે ચાકરોને કહેશે કે એ દાસી શિવાય બીજું કાંઇ નથી. અને ખરી શાહજાદી હંસ સાચવનારને મદદ કરે છે. શાહજાદાએ પોતાના માણસને ફાલદાને મારી નાંખવાનું કહ્યું, અને તેઓએ તે કામ પાર પાડયું. જ્યારે ખરી શાહજાદીએ તે માઠા સમાચાર સાંભળ્યાં ત્યારે તે પોકેપુક મુકીને રડી કારણકે તે પોતાના ઘોડાને ઘણી ચહાતી હતી. પછી જે માણસે તે ઘોડાને મારી નાંખ્યો હતો તે માણસ પાસે ગઇ. જો તે ઘોડાનું માથું તે શહેરના દરવાજા પર ખીલો મારી સજ્જડ કરે તો જે સોનાનો સિક્કો પોતાના ગજવામાંથી મળી આવ્યો તે તેને આપવાનું તેણે વચન આપ્યું. જ્યારે તે પોતાના હંસ સાથે શહેરની બહાર ને અંદર જાય ત્યારે પોતાના મિત્રનું માથું જોવાને તેણે ઇચ્છયું. બીજે દહાડે સવારે જ્યારે ખરી શાહજાદીને કૉનરેડ હંસને ખેતરમાં હાંકી જતા હતા ત્યારે તેણે દરવાજા ઉપર ફાલડાનું માથું ખીલો મારી સજ્જડ કરેલું તેણે જોયું. જ્યારે તેણે જોયું ત્યારે તેણે કહ્યું ફાલડા, ફાલડા, તું મરી ગયો છે અને મારી જીંદગાનીની સઘળી મઝા જતી રહી છે. આનો જવાબ માથાએ આપ્યો. અફસોસ, અફસોસ જો તારી મા જાણે તો તેનું હેતાળ અંતઃકરણ ખરેખર ઉદાસ થાય. પછી તેઓ હંસને બીડમાં લઇ ગયા ને તેને

તપાસવાને નીચે બેઠા, તરતજ શાહજાદીએ પોતાના વાળ છુટા કર્યા, અને લાંબા ગુંછળા સુર્યના તડકામાં સોના જેવા ચળકયા. કૉનરેડ એટલો બધો ખુશી થયો કે તેણે એક ગુચ્છો તોડી લેવાનો પ્રયત્ન કર્યો. આખરે શાહજાદીએ ગાયું વા, ઓ પવનની લહેર વા, એમ હું કહું છું. હંસ સાંચવનારની ટોપી ઉરાડી મુક. તેને ઉંચે ને નીચે ઉરાડ. તેની પછવાડે કૉનરેડને જવાદે. જ્યારે હું મારા વાળ હોળું ત્યારે તેમ તેમ ઉરાડી મુક, આજે હું મારા વાળ હોળી રહું ત્યાં સુધી મહેરબાની કરી તેને પકડવા દેતી નહિ.

પાઠ ૪૧ મો હંસ સાચવનારી છોકરી–ભાગ ૪ થો.

એકદમ પવનનો સપાટો નીકળી આવ્યો અને કૉનરેડની ટોપી ટેકરી અને ખીણ ઉપર ઉડાવી મુકી. તે છોકરો તેની પછવાડે દોડયો અને જ્યારે તે એક જગ્યાએથી બીજી જગ્યાએ તેની પછવાડે દોડતો હતો ત્યારે તે શાહજાદીએ જ્યાં સુધી એકપણ ગુચ્છો આડો અવળો રહ્યો નહિ ત્યાં સુધી પોતાના વાળ હોળ્યા ને સરખા કર્યા. જ્યારે કૉનરેડ પાછો આવ્યો ત્યારે તે ગમગીન ને ઉદાસ હતો અને આખો દિવસ બોલ્યો નહિ. જ્યારે સુર્ય અસ્ત પામ્યો ત્યારે તેઓએ પોતાના હંસને બોલાવ્યા ને શહેર તરફ હાંકી લઈ ગયા. બીજી સહવારે જેવામાં તેઓ દરવાજાની નીચે થઇને ગયા તેવામાં તે ગરીબ છોકરીએ એકવાર ફરીથી ઘોડાના માથા તરફ જોયું પછી તેણે કહ્યું, ફાલેડા, ફાલેડા, તું મરી ગયો છે ને મારી જીંદગીની બધી મઝા જતી રહી છે. આનો જવાબ માથાએ આપ્યો. અફસોસ, અફસોસ જો તારી મા જાણે તો તેનું હેતાળ અંતઃકરણ ખરેખર ઉદાસ થાય. પછી તેણે પોતાના હંસ બીડ તરફ હાંકયા, ને કીનારા પર બેસીને પોતાના સુંદર વાળ હોળવા માંડયા. એકવાર ફરીથી કૉનરેડને એક ગુચ્છો તોડી લેવાની મરજી થઇ ને એકવાર ફરીથી તેણે પવનની લહેરને વાવાને બોલાવી. એ પ્રમાણે તે આવી ને કૉનરેડની ટોપી ટેકરી ને ખીણ ઉપર ઉડાવી દીધી જ્યાં સુધી તેના વાળ હોળાઇ રહ્યા ત્યાં સુધી તે તેને પકડી

નહિ. કૉનરેડ પહેલાંની માફક ઉદાસ હતો ને અંધારૂં થયું ત્યાં સુધી તેઓએ સાથે હંસને સાચવ્યા. જ્યારે તે ઘેર આવ્યા ત્યારે કૉનરેડ ઘરડા રાજા પાસે ગયો અને તેને કહ્યું, મારા નામદાર શેઠ હું, તે છોકરી સાથે મદદગાર તરીકે તમારા હંસને હવે ફરીથી સાચવીશ નહિ. રાજાએ પુછયું શા માટે નહિ? છોકરાએ કહ્યું, કારણકે તે મને આખો દિવસ પજવે છે. તે મારી જીંદગાનીને નહિ જીવવા જોગ બનાવે છે. પછી રાજાએ કૉનરેડને તે અજાણી છોકરી વિષે બધું કહેવાને ફરમાવ્યું. તેણે તેને કહ્યું કે દરરોજ સવારે તે ઘોડાના માથા સાથે વાત કરે છે અને તેનો જવાબ તે ઘોડાનું માથું આપે છે. પછી તેણે કહ્યું કે દરરોજ તે પોતાના વાળ છુટા કરે છે જે વાળ ચોકખા સોના જેવા પ્રકાશે છે. જ્યારે મેં એક બે ગુચ્છા તોડવાને ઇચ્છયું ત્યારે તેણે મારી ટોપી ઉરાડી મુકવાને પવનને બોલાવ્યો. આ પ્રમાણે તેણે કર્યું ને મારી ટેકરી ને બીજુ ઉપર તેની પછવાડે દોડવું પડ્યું. જ્યારે હું જતો ત્યારે તે પોતા વાળ ફરીથી સીધા કરતી જેથી કરીને એકપણ ગુચ્છો આડો અવળો રહેતો નહિ. બીજે દીવસે તે રાજા તેને કોઇ ન જોય તેમ બીડમાં ગયો. જે કીનારા ઉપર તે શાહજાદી બેઠી હતી તેની બાજુએ પોતે ઝાડીમાં સંતાઇ બેઠો અહિંઆ જે સઘળું બન્યું તે જોઇને સાંભળી શકયો. પણ કોઇએ તેને દીઠો નહિ. તેણે કૉનરેડને હંસ સાચવનારી છોકરીને બીડમાં હંસને હાંકી જતાં જોયાં અને પછી તેણે તે છોકરીના સુંદર વાળ છુટા કરતા જોઇ. કૉનરેડ તદ્દન સાચો હતો. તે ચોકખા સોના જેવા પ્રકાશતા હતાં. પછી તેણે કૉનરેડને એક ગુચ્છો ચોરવાને પ્રયત્ન કરતાં જોયો અને છોકરી ગાતાં સાંભળ્યું. હું કહુ છું કે હે પવનની લહેર વા, હંસ સાચવનાર છોકરાંની ટોપી ઉરાડી મુક. તેને ઉંચેને નીચે ઉરાડ. તેની પાછળ કૉનરેડને જવાદે, જેવામાં હું મારા લટકતા વાળ હોળું તેવામાં તેને આમતેમ ઉરાડ. હું. અરજ કરૂં છું કે જ્યાં સુધી હું મારા વાળ આજે ઠીકઠાક કરૂં ત્યાં સુધી તેને પકડવા દેતી નહિ.

પાઠ ૪૨મો. હંસ સાચવનારી છોકરી ભાગ-૫ મો.

પછી તે રાજાને પવનની લહેર વાતી જણાઇ અને જોયું કે તેણે કૉનરેડની ટોપી ઘણે દુર ઉરાડી મુકી. તે છોકરાને તેને પકડવાને કેટલાક માઇલ સુધી દોડવું પડયું. તેણે વળી જોયું કે જ્યારે છોકરો તેની પછવાડે લાગ્યો હતો ત્યારે તે છોકરી હોળતી હતી ને પોતાના વાળ ઠીકઠાક કરતી હતી. તે જેટલા વખતમાં પાછો આવ્યો તેટલા વખતમાં તે બધા ઠીકઠાક થઇ ગયા. અગર જો રાજાએ બધું જોયું તોપણ તેણે હંસ સાચવનારી છોકરીને પોતાને જોવા દીધો નહિ. રાત્રે તેણે તેને પોતાની પાસે બોલાવી અને તેને પુછયું કે તું કોણ છે. ને આ અજાયબ જેવી બાબતનો શો અર્થ છે? તે હંસ સાચવનારી છોકરી રડી પડીને કહ્યું. હું તમને તે કહેવાની હિંમત કરી શકતી નથી કારણ કે જો હું કહું તો મને મારી નાંખશે. રાજાએ કહ્યું છટ તે વિષે મને બધું કહે ને તને કોઇ ઇજા કરશે નહિ એ હું જોઇશ તે એટલો બધો માયાળુ દેખાયો કે તે છોકરીએ તેને આખી વાર્તા કહી, તેણે કહ્યું હું રાણીની છોકરી છું. અને એક ખોટી દાસીએ મારી જગ્યા લીધી છે. તેણે મારા ઘોડા પર સ્વારી કરી છે ને તેને મારી નંખાવ્યો છે. જ્યારે હું ખેતરમાં હંસ સાચવું ત્યારે તે મારા લુગડાં પહેરે છે ને હમણાં મારા શાહજાદા સાથે બેસે છે. અરે મારા નામદાર મને મારી મા પાસે પાછી મોકલો. જો તે મારી દીલગીરી ભરેલી હાલત જાણશે તો તેનું અંતઃકરણ ઉદાસ થશે. પછી રાજાએ તેને ચુંબન કર્યું ને તેનાં આંસુ લુછી નાંખ્યાં. તેણે પોતાના ચાકરને તે શાહજાદી જે તે ખરેખરી હતી તેનાં જેવાં લુગડાં પહેરાવવાનો હુકમ કર્યો. જેવામાં તે માત્ર સુંદર પોષાકમાં દાદરેથી નીચે ઉતરી તેવામાં કોઇપણ માણસ અડધી નજરથી કહી શકે તે એક શાહજાદી છે. તે ઘણી લાવણ્યવાળી અને ચંચળ દેખાતી હતી ને ઘણી ઉમદા રીતે ઉતરતી હતી. પછી રાજાએ પોતાના છોકરાને બોલાવ્યો ને તેને કહ્યું કે તારી કન્યા શાહજાદી નથી પણ ઠગારી છે. તેણે કહ્યું કે તારી કન્યા શાહજાદી

નથી પણ એક દાસી જેણે ખરી શાહજાદીનો ઘોડો ને લુગડાં ચોર્યાં છે. તેણે કહ્યું ખરી શાહજાદી તારી કન્યા આ ઉભી છે. એકદમ શાહજાદાએ જોયું કે મને ઠગવામાં આવ્યો છે. ખુબસુરત પણ ખરાબ વર્તણુક પામેલી શાહજાદી જે તેને જોઇને હસી તેના હાથનું ચુંબન લેવાને ઘુંટણીએ પડયો. પછી એક મોટી મિજબાની કરવામાં આવી અને સઘળા તે જમવા બેઠા. રાજા મીજબાનીના મોટા તરીકે બેઠો અને તે ખોટી શાહજાદી એક બાજુએ ને ખરી શાહજાદી બીજી બાજુએ બેઠી. ખાણા દરમ્યાન રાજાએ ખોટી શાહજાદીની વાત કહી, તેણે ખોટી કન્યાને પુછયું કે એક માણુસ જે આવી ઘાતકી રીતે વર્ત્યુ હોય તેને શું કરવું જોઇએ. દાસીએ કહ્યું તેને જીવતા સુધી એક અંધારા કેદખાનામાં પુરવી જોઇએ. કાંઇપણ તેને માટે ઘણું ખરાબ થઈ પડશે નહિ. ઘરડા રાજાએ કહ્યું તમે કહો છો જે માણસે આવું ઘાતકી રીતે કર્યું છે તે માણુસ તુજ છે. તમે તમારા મુકરદમાનો ઇનસાફ આપ્યો છે અને કહ્યું કે તે તમારી સજા થશે તેથી તેઓએ ખોટી શાહજાદીને એક અંધારા કેદખાનામાં પુરી કારણકે તેણે ઘણી દુષ્ટ રીતે ખરી શાહજાદીને ખોટું કર્યું હતું અને તે બધાને ઠગ્યા હતા. પછી સઘળા લોકોની ખુશાલીમાં શાહજાદાને શાહજાદીને પરણાવ્યાં. ત્યાર પછી તેઓ હમેશાં સુખમાં રહ્યાં. તમને કહેવાની મને ખુશાલી થાય છે કે એક ભલી પરીએ ફાલદાને સજીવન કર્યો અને વળી ઘણા વરસ સુધી તે ભલો ઘોડો તે શાહજાદીને બેસાડીને લઇ ગયો.

સમાપ્ત.

નોટીસ.

આથી સર્વેને ખબર આપવામાં આવે છે કે નીચે લખેલી ચોપડીઓ સુરત નાણાવટ મધ્યે શ્રી. કરસનદાસ નારણદાસ બુકસેલરની દુકાનેથી મળશે.

મેકમીલન ન્યુ રીડર્સ પ્રાઈમર ભાગ બીજાના મીનીંગ (તરજુમા સહીત)			૦—૬—૦
મેકમીલન ન્યુ રીડર્સ નં. ૧લાના	,,		....૦—૮—૦
મેકમીલન ન્યુ રીડર્સ નં. ૨ ના	,,		....૦-૧૧-૦
મેકમીલન ન્યુ રીડર્સ નં. ૩ ના	,,		....૦-૧૩-૦
મેકમીલન ન્યુ રીડર્સ નં. ૪ ના	,,		....૧—૦—૦
મેકમીલન ન્યુ રીડર્સ નં. ૫ ના	,,		....૧-૪-૦
સ્ટાર ઓફ ઈન્ડીઆ રીડર્સ બુક થર્ડ			....૦-૬-૦
સંસ્કૃત પ્રોમરની ગાઈડ	....	....	....૦-૧૨-૦
ન્યુ કોર્સ પહેલાના (લોંગમેન્સ)	....		....૦—૪—૦
એલન ફર્સ્ટ રીડીંગ બુકના	....	....	....૦-૪-૦
નળાખ્યાન સટીક મોદીકૃત	....	....	....૧-૨-૦
હકીકતબુક પહેલી	....	....	....૦-૧૨-૦
સેનફર્ડ મર્ટનના મીનીંગ	....	....	....૦-૧૨-૦
ધી મોડલ સ્કુલ એરિથમેટીક....		....	....૧-૦-૦

એ શિવાય બીજી બધી શાળાપયોગી ચોપડીઓ તથા નેલસન રીડર્સના મીનીંગો તરજુમા સહીત એ દુકાનેથી મળશે. જથાબંધ લેનારને સારૂ કમીશન આપવામાં આવશે.

Published by—Balubhai Karsandas Narandas
Book-seller, Nanavat—SURAT.
Printed by—Narayanrao Laxmanrao Nikum at the
SHANKER P. PRESS, Chawta Bridge—SURAT.